# પરિશિષ્ટ : ૧

# અવતરણો

**અજય રાવલ**

"(ગોવર્ધનરામે) સરસ્વતીચંદ્રમાં જે કોઠાસૂઝથી સમયનિરૂપણ કર્યું છે તે આપણી પરંપરિત નવલકથાઓમાં ધ્યાનાર્હ બની રહે છે. [...] નવલકથાના પહેલા પ્રકરણ અને અંતિમ પ્રકરણ વચ્ચે નાયક સરસ્વતીચંદ્ર અને નાયિકા કુમુદના પૂર્વજીવનની ઘટનાઓ ગૂંથાયેલી છે. આ ઉપરાંત અનેક ઉપકથાઓમાં ભૂતકાળ અને વર્તમાનકાળ એવી રીતે ગુંથાયેલો છે કે નવલકથામાં બનતી ઘટના - ફક્ત બે મહિનાના સમયમાં જ બનતી હોવા છતાં લાંબા સમયપટમાંથી પસાર થતા હોય એવું લાગે છે. બે માસના ટૂંકા ગાળામાં નાયકનાયિકાની અનેક ચૈતસિક ભૂમિકાઓને ગોવર્ધનરામ આલેખે છે - 'રાત્રિ સંસાર' કે 'સુંદરગિરિની સૌમનસ્ય ગુફામાં' - સ્વપ્નો એના નિર્દેશ રૂપે મૂકી શકાય. અનેક પેઢીઓનાં ઉત્થાન-પતનની બહુકેન્દ્રી નિરૂપણના સૂત્રે ગુંથાયેલી ઉપકથાઓમાં રૈખિક સમય સંડોવાઈને આ બે માસના કથાપટમાં સમાઈ જાય છે."

['નવલકથામાં સમયસંદર્ભ અને સમયસંકલના', અજય રાવલ, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, પ્ર૰ આ૰ ૨૦૦૩, પૃ૰ ૧૦૯]

**અનંતરાય રાવળ**

"ખરેખર, તું ગુણસુંદરી છે એટલું જ નહિ, ગુણસાગર પણ છે. તારો એ વિપુલ ગુણભંડાર અમને તો જોવા મળ્યો તારા ગૃહિણીધર્મમાંથી, અને એ જોઇને મને તો એમ જ થયું કે તારા ગુણભંડારમાં જે અનેક સ્ફટિકનિર્મળ તેજસ્વી રત્નો ભર્યાં છે તેની ચમક ને પ્રકાશ અનુભવનાર તારા પતિનાં કુટુંબીજનો ખરેખર બડભાગી બની ગયાં છે."

['સાહિત્યવિહાર', અનંતરાય રાવળ, ભારતી સાહિત્ય સંઘ લિ૰ મુંબઈ-૧, પ્ર૰ આ૰ માર્ચ ૧૯૪૬, પૃ૰ ૩૪]

•

"એકથી વધુ વાચન, કાળનું આક્રમણ અને અભ્યાસપૂર્ણ આકરું વિવેચન ખમી શકે તેવી કૃતિ ચિરંજીવિતાની અધિકારી કહેવાય. એવી કૃતિઓની આપણા સાહિત્યમાં જે અતિઓછી સંખ્યા છે તેમાં 'સરસ્વતીચંદ્ર'નું સ્થાન પહેલું છે. પશ્ચિમની નવલકથાનાં કલાધોરણો સંતોષનારી એ પહેલી ગુજરાતી નવલકથા છે એટલું જ નહિ, ભારત કે દુનિયા આગળ વિના શરમાયે આપણી ભાષાની ઉત્તમ મૂડી તરીકે મૂકી શકીએ એવો ગ્રંથમણિ એ છે."

['સાહિત્યનિકષ', અનંતરાય રાવળ, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ અમદાવાદ, પ્ર૰ આ૰ ઑક્ટો૰ ૧૯૫૮, પૃ૰૯૮]

•

"સરસ્વતીચન્દ્રમાં કલાના ગોંફની સાથે તેમાં ભારતીય સંસ્કૃતિનાં દર્શન છે. એમાં લાંબાલાંબા વર્ણનો, ક્યાંક કૃત્રિમ થઈ જતા સંવાદો એવું ઘણું છે. જે જરૂર કાપી નાખી શકાય. પરંતુ એ સઘળું કાઢી નાખ્યા અછી પણ જે રહે છે તે કલાનું સોયલું સોનું છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૪૬]

•

"'સરસ્વતીચંદ્ર'માં વાર્તાના ભોગીઓને વાર્તા, મદનકથાના રસિયાઓને કામકથા ઉપરાંત વિશુદ્ધ પ્રેમની હૃદયસ્પર્શી કથા, જેમને તેમણે નવલકથાના વાંચનાર વર્ગમાં ઉત્તમાધિકારીઓ માન્યા છે તેવા માનવ પ્રકૃતિના અભ્યાસીઓ તથા તત્ત્વચાહક વાચકોને તેમને જોઈતું માનવીની સંસારલીલાનું દર્શન, અને દેશોદ્ધારકોને દેશની સાચી સ્થિતિનો પરિચય તથા પ્રજારોગનાં ચિકિત્સા અને નિદાન, તથા સમાજ અને દેશના ઉત્કર્ષના વ્યવહાર્ય ઉપાયનું સૂચન મળી રહે. [...] 'મહાભારત'કારના 'અહીં બધું મળશે. અહીં નહિ હોય તે બીજેય નહિ મળે' એ મતલબનો ઉદ્‌ગાર તરત આપણને યાદ આવી જાય."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૨૦]

### અમૃતલાલ યાજ્ઞિક

"સરસ્વતીચંદ્ર અને કુમુદનાં પાત્રોનું સર્જન એ સ્વપ્નદ્રષ્ટા ગોવર્ધનરામની સમાજભાવનાની નીપજ છે. ગુણસુંદરીમાંથી કુમુદની ઉત્ક્રાન્તિ વ્યક્ત થાય છે. [...] કુમુદે અંગ્રેજી, સંસ્કૃત જેવા શિષ્ટ સાહિત્યના રસને આત્મસાત્ કર્યો હતો તેવું આલેખન થયું છે તેમાં માત્ર સમાજવેત્તા જ નહીં પણ સમાજદષ્ટા ગોવર્ધનરામની પ્રતિભાનો જાદુ છે. એ જમાનામાં વયનાં કજોડાંવાળાં લગ્નો સામે ઉહાપોહ કરનાર સુધારકો ઠીક ઠીક હતા. પણ સંસ્કારનાં કજોડાં થાય છે તેની સમજણ કે કલ્પના ભાગ્યે જ કોઈનામાં હતી. 'સરસ્વતીચંદ્ર'ના લેખકે તેનું કરુણ ક્રન્દન આખાયે સમાજને પિગળાવે તેવી રીતે કરાવીને નવજાગૃતિ યુગને સત્કાર્યો હતો.

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૧૪]

### આનંદશંકર ધ્રુવ

"'પુરાણ' - શબ્દ કોઈને મશ્કરી જેવો લાગશે; અમને નથી લાગતો - બલકે પુરાણમાં જ અમને પ્રાચીન ભારતનો ખરો મહિમા દેખાય છે અને તેથી અમને આ વિશેષણ વડે 'સરસ્વતીચન્દ્ર'નું ગૌરવ કરતાં સંકોચ આવતો નથી."

['આનંદશંકર ધ્રુવ શ્રેણી-૩ : સાહિત્યવિચાર', સં૰ યશવંત શુક્લ અને અન્ય, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર૰ આ૰ ૨૦૦૧, પૃ૰ ૧૯૨]

•

"'form'ની દષ્ટિએ ભલે 'સરસ્વતીચંદ્ર' 'inartistic' ઠરે, પણ નવલકથાની કદરમાં 'form' એ જ એક વસ્તુ છે ? જગતનાં કેટલાં બધાં નાટકો, નવલકથાઓ અને મહાકાવ્યો એના 'form'ની દષ્ટિએ ન જોવાતાં, એનાં અનેક બીજાં તત્ત્વોના કારણથી ઉત્તમ કોટિમાં મૂકાયાં છે. ?"

['આનંદશંકર ધ્રુવ શ્રેણી-૩ : સાહિત્યવિચાર', સં૰ યશવંત શુક્લ અને અન્ય, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, પ્ર૰ આ૰ ૨૦૦૧, પૃ૰ ૧૯૬]

•

"'સરસ્વતીચંદ્ર'ની કિંમત આંકવામાં આવે તો અમને લાગે છે કે એ કિંમત ઘણી ઊંચી થાય. 'સરસ્વતીચંદ્ર' એ અર્વાચીન સમયના હિન્દુસ્તાનના સાંસારિક, રાજકીય, ધાર્મિક વગેરે મહાપ્રશ્નોની ચર્ચાનો 'આકરગ્રંથ' છે. [...] કલિકાલમાં જ્યારે ભરતખંડના મનુષ્યોની બુદ્ધિનો હ્રાસ થયો અને મહાભારતનું રહસ્ય સમજી શકાયું નહિ ત્યારે વ્યાસજીએ પોતે દયા લાવીને મનુષ્યોને દેશકાલાનુસાર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચતુર્વિધ પુરુષાર્થ સમજાવવા માટે પ્રાકૃત ભાષામાં આ 'સરસ્વતીચંદ્ર' પુરાણ રચ્યું."

['ગોવર્ધનશતાબ્દી ગ્રંથ', સં૰ ઉપેન્દ્ર પંડ્યા, એન૰ એમ૰ ત્રિપાઠી પ્રા૰ લિ૰ મુંબઈ, બી૰ આ૰ ૧૯૭૭, પૃ૰ ૬૧]

### ઉત્તમલાલ ત્રિવેદી

"ગુણસુંદરીને અનુપમ ઉત્કર્ષ અર્પવામાં ગ્રંથકારે ઘરડાં ધર્મલક્ષ્મી સુધ્ધાંતને રાક્ષસકોટિમાં મૂકી દેવાનું સાહસ કર્યું છે. અમે નથી ધારતા કે પોતાની નાયિકાને દિવ્ય બનાવવામાં આટલો બધો ગેરઇન્સાફ કરવાની જરૂર હોય - અથવા કોઈપણ ગ્રંથકાર નિર્ભયતાથી કરી શકે. અમને લાગે છે કે રા૰ ગોવર્ધનરામનાં સ્ત્રીવાચકો તેમના ઉપર થયેલો આટલો બધો ગેરઇન્સાફ ક્ષન્તવ્ય નહિ ગણે"

['ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ', સં૰ રામપ્રસાદ બક્ષી, રમણલાલ જોશી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર૰આ૰માર્ચ ૧૯૭૧, પૃ૰૩૭]

### ઉપેન્દ્ર છ૰ પંડ્યા

"'સરસ્વતીચંદ્ર'ની સર્જનકલાની ભવ્યતા, એની ઉદાત્ત પાત્રસૃષ્ટિ, એમાં પ્રતીત થતો અનુપમ

ભાવનાલોક, એનું અપૂર્વ ભાવવિશ્વ, એમાં સધાયેલી વિપ્રલંભ શૃંગાર, કરુણ ને શાંતિની અસાધારણ અન્વિતિ, એનો ચિંતનમિનાર ને એનો અપ્રતિમ ગદ્યવૈભવ - આ બધાં લક્ષણોને લીધે 'સરસ્વતીચંદ્ર' ગુજરાતના સંસ્કારજીવનનો, વર્ષો લગી અનિવાર્ય અંશ બની ગયો છે."

['અવબોધ', ઉપેન્દ્ર છ૦ પંડ્યા, પ્રકાશક-પોતે, પ્ર૦ આ૦ જાન્યુ૦ ૧૯૭૬, પૃ૦ ૮૧]

•

"'સરસ્વતીચંદ્ર' ગુજરાતનો ગૌરવગ્રંથ છે. પણ એનો અર્થ એ નથી કે જે ગ્રંથોને આપણે ઉત્તમ ગણ્યા તેને 'ગન્ધાક્ષત સમર્પયામિ'ના  મંત્રઘોષથી અર્ચી-પૂજીને એવા ઊંચે સાતમા આસમાને ચઢાવી દેવા કે પછી તેની સામે જોવા વારો જ ના આવે. [...] આંખો મીચીને 'સરસ્વતીચંદ્ર'ની આંધળી ઉપેક્ષા કરવી નવા જમાનાને જેમ પાલવે નહિ, તેમ જ 'સરસ્વતીચંદ્ર' પ્રત્યે કેવળ અહોભાવ ધરાવીને તેના દોષો કે ક્ષતિઓને પણ ગમે તેમ ઘટાવીને, ખામીઓનેય ખૂબીઓ ગણવાની વૃત્તિ તો નર્યા ફૂલણજીવેડામાં જ ખપે."

['પ્રતિબોધ', ઉપેન્દ્ર છ૦ પંડ્યા, પ્રકાશક-પોતે, પ્ર૦ આ૦ ફેબ્રુ૦ ૧૯૮૦, પૃ૦ ૧૧૬]

•

"'સરસ્વતીચંદ્ર'ની કથા એણે કરેલા ગૃહત્યાગ પછી, આમ તો માત્ર ત્રણ મહિનાની કથા છે. પણ ઘૂઘવતા, રસળતા, મંદ્રમંથર, મહાનદની પેરે આ નવલ સ્થળ અને કાળનાં ગંજાવર કહી શકાય એવાં ફલકો પર ઘૂમી વળે છે. ઈ૦ ૧૮૫૭ના ભારતના સ્વાતંત્ર્ય-યુદ્ધ તરફ આ કથા આપણને લઈ જાય છે; એટલું જ નહિ, છેક મહાભારતના ને અશોક-સમુદ્રગુપ્તના કાળમાં ને ત્યાંથી વળી ભારત પર રશિયાની સંભવિત ચઢાઈ સુધીના ગાળાને - સમગ્ર ઓગણીસમી સદીને - આ કથા બાહ્યાભ્યન્તર સ્પર્શી રહે છે. ભૂત, વર્તમાન ને ભાવિના ગર્ભમાં ઘણે ઊંડે સુધી જઈ શકનારી પરિણત પ્રજ્ઞાથી, સર્જનને પાંડિત્યની અપૂર્વ દીપ્તિ ને વૈભવથી, સમગ્ર કૃતિ પર ફરફરતી ધાર્મિકતાની પરમ મંગલ પુણ્યપતાકાથી, 'સરસ્વતીચંદ્ર' મહાનવલ કરતાંયે વિશેષ બની રહે છે."

['અવબોધ', ઉપેન્દ્ર છ૦ પંડ્યા, પ્રકાશક-પોતે, પ્ર૦ આ૦ જાન્યુ૦ ૧૯૭૬, પૃ૦ ૨૩]

•

"ગો૦ મા૦ ત્રિ૦નું ઇતિહાસદર્શન ભલે અપૂર્ણ હો, એમની રાજકીય વિચારણા આજે કદાચ અલ્પસાર હો, એમણે વ્યક્ત કરેલો નિઃશસ્ત્રીકરણનો આદર્શ હજી ભલે અસિદ્ધ હો, 'કપિલોકે કદી અકલ્યાણ કર્યું જ નથી ને કરનાર પણ નથી.' એ પ્રકારની ભારતના સંબંધમાં અંગ્રેજોમાં મૂકેલી શ્રદ્ધા અવાસ્તવિક હો; તેમ છતાં સમગ્રતયા 'સરસ્વતીચંદ્ર'માં દર્શન ને સર્જનની જે ભવ્યતા છે તે ખરે જ અસાધારણ છે."

['અવબોધ', ઉપેન્દ્ર છ૦ પંડ્યા, પ્રકાશક-પોતે, પ્ર૦ આ૦ જાન્યુ૦ ૧૯૭૬, પૃ૦ ૭૨]

## ઉમાશંકર જોશી

"સમયતત્ત્વ ઉપર એક કથાલેખક તરીકે ગોવર્ધનરામની જે પકડ છે તે એમની કથનકલાને જેબ આપે એવી છે. ચારે ભાગનો સમસ્ત કથાપ્રપંચ જોઈ વળો, ત્રણ દિવસો અને છ જેટલી રાત્રિઓ એવાં આવે છે કે જેમાં કથાના મુખ્ય પ્રસંગો સમાઈ જાય છે અને એ બધાનો સરસ્વતીચંદ્ર અને/અથવા કુમુદસુંદરી સાથે સંબંધ છે. એટલું જ નહીં આખા કથાસંકુલનો રસ મહદંશે એ ત્રણ દિવસ અને છ રાતમાં સંભારેલો છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૦૯]

•

"અર્વાચીન ગુજરાતી સાહિત્યની કોઈ પણ સર્જકકૃતિએ પ્રજાના શિક્ષિત વર્ગ પર ઊંડો પ્રભાવ પાડ્યો હોય તો તે 'સરસ્વતીચંદ્રે'. અર્વાચીન સમયમાં ગુજરાતની પ્રજાના સંસ્કાર-પોષણમાં કોઈ એક વ્યક્તિએ ગાંધીજી પૂર્વે અપૂર્વ ભાગ ભજવ્યો હોય તો તે 'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ ત્રિપાઠીએ."

['નિરીક્ષા', ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પુનર્મુદ્રણ ૧૯૯૩, પૃ૰ ૨૧૪]

•

"એમનું (ગોવર્ધનરામનું) જીવન પેલા તોફાની સમુદ્ર જેવું હતું. તો શાંત પર્વત ટેકરીઓ વચ્ચે રૂમઝૂમતા ઝરણાથી એમના સાક્ષરજીવનનો ખ્યાલ મળે છે. સમુદ્રનાં પાણી બાષ્પીભવનથી ઊંચાં ઊડી ગિરિપ્રદેશમાં સતત વહેતા મીઠા વહેળારૂપે નજરે પડે છે એમ ગોવર્ધનરામના ક્ષરજીવનના ઊર્ધ્વીકરણના પરિણામે એમના સાક્ષરજીવનની પ્રસાદી પ્રગટી છે. નિરંતર વહેતો રહેવા નિર્માયેલો અને કાળના પટ ઉપર આગળ વધી વિશાળ નદરૂપે સાંસ્કૃતિક ક્ષેત્રોને પોષણ આપવા માટે ધસમસતો ગિરિનિર્ઝર એ જ તો ગોવર્ધનરામનો અને ગિરાગુર્જરીનો ગ્રંથમણિ 'સરસ્વતીચંદ્ર.'"

['નિરીક્ષા', ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પુનર્મુદ્રણ ૧૯૯૩, પૃ૰ ૪૪]

•

"જીવનમાં ધર્મને કેન્દ્રમાં રાખવો, મહાભારતના હૃદયસમી ગીતા યુધ્યસ્વ વિગતજ્વરઃ બોધે છે તેમ નરવા બનીને કર્મ કરવાં એ મહાભારતનો આશય 'સરસ્વતીચંદ્ર'નું પ્રેરક તત્ત્વ છે અને ફલશ્રુતિ પણ છે. 'સરસ્વતીચંદ્ર'નો અંત, ગોવર્ધનરામની સંન્યાસભાવના ચીલેચાલુ હોત તો સુન્દરગિરિ પર જે ભગવાં ધારણ કર્યાં તે તેમનાં તેમ રાખીને લાવી શકાયો હોત. પણ, ગોવર્ધનરામનું સ્વર્ગ પૃથ્વી ઉપર છે. 'સરસ્વતીચંદ્ર' એ ચલો જગતમાં, ચલો જીવનની ભૂમિમાં, એની - Back to lifeની - કથા છે. સરસ્વતીચંદ્રના ગૃહત્યાગમાં પ્રેમ કારણભૂત બન્યો હતો, એ

જ પ્રેમ કોઈક અલૌકિક પદાર્થમાં પરિવર્તન પામી એને પાછો જગતમાં રોપે છે. સરસ્વતીચંદ્રનો સંન્યાસ પ્રેમ દ્વારા સંસિદ્ધ થયો છે. હવે ભગવો વેશ ઉતારી નાખીને જગતમાં વિચરતાં હૃદય પર ભગવો રંગ પાકો લાગ્યો છે કે નહિ તે જોવાનું છે."

['નિરીક્ષા', ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પુનર્મુદ્રણ ૧૯૯૩, પૃ૰ ૨૧૮]

**ઉશનસ્**

"આ અંધકાર-સર્ગનાં કુલ ત્રણ પાત્રો છે : જંગલ, અંધારી રાત અને સરસ્વતીચંદ્ર; આખી નવલકથાનો નાયક સરસ્વતીચંદ્ર આ સર્ગ પૂરતો તો નાયક નથી જ. અહીં નાયક છે રાત્રિનો અંધકાર...જંગલ અને સરસ્વતીચંદ્ર તો આ અંધકારને ઊપસાવવા-વિશિષ્ટતા અર્પવા સહાયક બનનાર સત્ત્વો જ છે. 'જંગલ' સત્ત્વ કંઈક ઉદ્દીપનવિભાવ જેવું છે તો સરસ્વતીચંદ્રનું સત્ત્વ આલંબનવિભાવ જેવું છે."

['રૂપ અને રસ', ઉશનસ્, ધી પોપ્યુલર પબ્લિશિંગ હાઉસ, સૂરત, પ્ર૰ આ૰ ૧૯૬૫, પૃ૰ ૧૪૯]

**કનુભાઈ જાની**

"જો 'સરસ્વતીચંદ્ર'ને 'મહા' એટલે 'Epic'ના વર્ગમાં મૂકવામાં આવે તો તે ઉચિત નથી, કારણ કે તે 'મહાભારત'-'રામાયણ'ની જેમ ભલે આરંભે એક મુખે ઉચ્ચારિત થાય પણ સમય અને સ્થળમાં તેનો વ્યાપ તેને સમગ્ર પ્રજાની સાંસ્કૃતિક અસ્મિતાનો વિકસતો-બદલાતો આવિષ્કાર બનાવે છે તેવી આ કૃતિ નથી. [....] એમ તો એને 'કોથળો' ય કહેવાઈ છે, પણ કોથળામાં હોય એવી સામગ્રીની પરસ્પર કેવળ અસંબદ્ધતા અને વેરવિખેરતા 'સરસ્વતીચંદ્ર'માં નથી જ. જોકે 'પુરાણ' કહેવાથી અનેક વિષયના સમૂહને અને સમગ્રરૂપે એકાકારતાને નભાવાય. પણ 'સરસ્વતીચંદ્ર' 'વિષ્ણુપુરાણ'-'ગરુડપુરાણ' વગેરેની જેમ એકકેન્દ્રી નથી, તો તે 'પૌરાણિક' નથી. આ 'વર્તમાન' કૃતિ 'પુરાણ'ની આસપાસ વીંટળાયલા વાતાવરણથી અળિપ્ત છે. [...] એટલે 'સરસ્વતીચંદ્ર'ને સ્વીકારવાની તો, જેવા છે તેવા સ્વરૂપની નવલકથા તરીકે, ને તેનું ગૌરવ કરવાનું તેમાંની વિચારાત્મક સામગ્રી માટે!"

['માયાલોક', કનુભાઈ જાની, વિનોદ અધ્વર્યુ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી૰આ૰ ૨૦૧૧, પૃ૰૯૮]

**કાન્તિલાલ બ૰ વ્યાસ**

"પહેલા ભાગમાં બુદ્ધિધનનો કારભાર, બીજા ભાગમાં ગુણસુંદરીનું કુટુંબજાળ, ત્રીજા ભાગનું રત્નનગરીના રાજ્યતંત્રનું વર્ણન, અને ચોથા ભાગનું સુંદરગિરિની સાધુસંસ્થાનું વર્ણન એ આડકથાઓ છે. એ આડકથાઓ દ્વારા જ કર્તા પોતાને અભિમત જીવનદર્શન કરાવી શક્યા છે.

એ આડકથાઓના અંકોડા મુખ્ય કથા સાથે એવી રીતે તો બંધબેસતા આવી રહે છે કે સર્વ મળીને એક સમગ્રકથા બની રહે છે એમાં કર્તાના વસ્તુગુંફનની કળાનું નૈપુણ્ય રહેલું છે."

['શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારકગ્રંથ', સં૰ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને અન્ય, શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ સમિતિ નડિયાદ, પ્ર૰ આ૰ ઑક્ટો૰ ૧૯૫૫, પૃ૰ ૮૭]

### કેશવલાલ કામદાર

"ગૂજરાતમાં અનેક સંસ્થાનો છે તેથી ગોવર્ધનરામે સંસ્થાનો અને ચક્રવર્તી રાજ્યનો વિચાર કર્યો છે. ગૂજરાતમાં અનેક નાતજાતો છે. તેથી ગોવર્ધનરામે એ નાતોને રાફડાઓરૂપે વર્ણવી છે. ગૂજરાતમાં હિંદુ-મુસ્લિમ પ્રકરણ નથી. તેથી ગોવર્ધનરામે મુસ્લિમ સંસ્કૃતિને પૂરતો ન્યાય આપ્યો નથી. 'સરસ્વતીચંદ્ર' વાચતી વખતે આપણને એમ જ લાગે છે કે હિંદુસ્તાનમાં માત્ર હિંદુઓ વસતા હશે. ગૂજરાતમાં ખ્રિસ્તીઓની સંખ્યા ઝાઝી નથી. તેથી ગોવર્ધનરામની કૃતિમાં તેનો બોધ નથી. ગૂજરાતમાં સુધારકોની પ્રવૃત્તિઓ એ વખતે સફળ થઈ નહોતી. તેથી 'સરસ્વતીચંદ્ર'માં સુધારકોને કીડીઓની ઉપમા આપવામાં આવી છે અને તેમને એક આંખે અંધ કલ્પવામાં આવ્યા છે. ગૂજરાતમાં રાજકારણનો વિચાર તે વખતે બહુ થતો ન હતો. તેથી ગોવર્ધનરામે ગૂજરાતીઓને રાજકારણમાં વીરરાવ ધંપાટે જેવા દક્ષિણીઓને હાથે સપાટાઓનો સ્વાદ ચખાડ્યો છે. આવી રીતે તે વખતે ગૂજરાતના રાજકારણની અને સમાજની છાયા 'સરસ્વતીચંદ્ર'માં બધે ય જોવામાં આવે છે."

['સ્વાધ્યાય' (પ્રથમ ખંડ), કામદાર કેશવલાલ હિંમતરામ, આર૰આર૰શેઠની કંપની, મુંબઈ, પ્ર૰આ૰ ૧૯૩૯, પૃ૰ ૧૬]

### ચતુરભાઈ પટેલ

"વાર્તા તળેટીમાં આવેલા સુવર્ણપુરથી શરૂ થઈ સુંદરગિરિના શિખર પર પૂરી થાય છે. એટલે એમાં તળેટીમાંથી ગિરિશિખર, ભૂલોકમાંથી સ્વર્ગલોક અને સંઘર્ષમાંથી સંવાદ એમ ક્રમિક ઉત્ક્રાન્તિનું ચિત્ર સૂક્ષ્મ વ્યંજનાયુક્ત આલેખાયું છે."

['શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારકગ્રંથ', સં૰ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને અન્ય, શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ સમિતિ, નડિયાદ, પ્ર૰ આ૰ ઑક્ટો૰ ૧૯૫૫, પૃ૰ ૧૨૭]

### ચંદ્રકાન્ત ટોપીવાળા

"'સરસ્વતીચંદ્ર'ની સંરચનાનો વેગ નાયકની પ્રાપ્તિના કેન્દ્રમાંથી નહિ, પણ નાયકની અપ્રાપ્તિના

કેન્દ્રમાંથી વિસ્તરેલો છે. એક રીતે કહીએ તો એક અપ્રાપ્તિના બિંદુ પર જઈને નવલકથા અટકે છે. (શરૂમાં પણ કુમુદને મેળવીને છોડે છે, છેલ્લે પણ કુમુદને મેળવીને છોડે છે - જો કે બંને અપ્રાપ્તિની સત્તા તદ્દન ભિન્ન છે.) આ બંને અપ્રાપ્તિ વચ્ચેનો અવકાશ એ 'સરસ્વતીચંદ્ર'નો સર્જન અવકાશ છે; અને તેથી ગૃહત્યાગ પહેલાં નહિ પરંતુ ગૃહત્યાગ (કુમુદત્યાગ) પછીની નાયકની ગતિથી જ નવલકથાનો આરંભ હોઈ શકે. કથાની ઉત્કટતા અને તાણ ત્યાંથી જ શરૂ થાય છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૩૩૩]

•

"ગોવર્ધનરામે 'સરસ્વતીચન્દ્ર'ના ચાર ભાગ મળીને કુલ ત્રણ પ્રસ્તાવનાઓ આપી છે. [...] આ ત્રણે પ્રસ્તાવનાઓ આ નવલકથાની ઉત્ક્રાંતિ સાથે નવલકથાના બદલાતા ઉપદેશોનો ઉત્ક્રાંતિઆલેખ આપે છે તો એમાં વાચકની ઉત્ક્રાંતિનો આલેખ પણ નિહિત રીતે ગોવર્ધનરામે સ્વીકાર્યો છે. વળી, ૧૯ વર્ષના ગાળામાં પથરાયેલા ગોવર્ધનરામના પોતાના અને પોતાના લેખનનાં પરિવર્તનો પણ એમાં પ્રતિબિંબિત છે."

['સાક્ષીભાસ્ય', ચંદ્રકાન્ત ટોપીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર૰આ૰ ૨૦૧૦, પૃ૰ ૨૧૯]

### ચંદ્રકાંત મહેતા

"પહેલા વિભાગની આ કથા બે વિભાગમાં વહેંચાઈ જાય છે. સરસ્વતીચંદ્રની કથા અને બુદ્ધિધનની કથા. બન્નેના નાયકો જુદા છે, પ્રસંગો પણ ભિન્ન છે. [...] આ બન્ને કથાના નાયકોનું પૂર્વ જીવન આવે છે, તેથી વાર્તાનો પ્રવાહ થોડો આગળ વધે છે, વળી પાછો જાય છે, અને પછી પાછો આગળ વધે છે. આથી નવલકથાની વસ્તુગૂંથણી જોઈએ તેટલી સુગ્રથિત લાગતી નથી."

['કથાવિશેષ', ચંદ્રકાન્ત મહેતા, અશોક પ્રકાશન મુંબઈ-૨, અમદાવાદ-૧, પ્ર૰ આ૰ ડિસે૰ ૧૯૭૦]

### ચંદ્રશંકર ન૰ પંડ્યા

"છેલ્લા પ્રકરણમાં, સમારંભથી ક્લાન્ત સરસ્વતીચન્દ્ર નિદ્રાવશ થઈ પલંગમાં પડ્યો છે. 'કલ્યાણગ્રામ'ના મનોરાજ્યથી મુગ્ધ કુસુમ સરસ્વતીચન્દ્રના જીવનસમર્પણની ઊંડી હાર્દિક કદર કરે છે અને ઉમળકાથી આરતી ઉતારે છે. એ 'પતિપૂજન' નથી, એ ભાવના-સત્કાર છે, આદર્શ-અંગીકાર છે, અને એ કદરની કમાલ પણ ત્યારે થાય છે જ્યારે ઉમળકામાં ને ઉમળકામાં કદરનો શારીરિક આવિર્ભાવ ચુંબનથી બ્રહ્મચારિણી કુસુમ કરે છે."

['ગોવર્ધનશતાબ્દી ગ્રંથ', સં૰ ઉપેન્દ્ર પંડ્યા, એન૰ એમ૰ ત્રિપાઠી પ્રા૰ લિ૰ મુંબઈ, બી૰ આ૰ ૧૯૭૭, પૃ૰ ૨૨૬]

### ચંદ્રશંકર ભટ્ટ

"કુમુદને સાસરીના જે કલુષિત વાતાવરણમાં જીવવું પડે છે તે માટે પોતે જવાબદાર હોવાનું લાગતાં સરસ્વતીચન્દ્ર પરિદાહ અનુભવે છે તે પ્રસંગ-નિરૂપણ પહેલું મૂકી, પછી જ જમાલવાળો પ્રસંગ મૂકવાની ગોવર્ધનરામે કરેલી સંકલનાથી ઘણો અર્થ સિદ્ધ થાય છે. તેથી જ જમાલે કરેલો ઘા, પ્રથમના અંતરઘાનું પ્રતીક બને છે."

['સંસ્કૃતિ', તંત્રી-ઉમાશંકર જોશી, એપ્રિલ ૧૯૬૬, પૃ૰ ૧૩૪]

### ચંપૂ વ્યાસ

"'સરસ્વતીચંદ્ર' જેમ વિકસેલી કૃતિ છે, એમ જ વિસ્તરેલી-વિસ્તારેલી કૃતિ પણ છે. કથાની સાથે સાથે સર્જકને અભિપ્રેત એવું જીવનવિષયક ચિંતન અનેક શાખા-પ્રશાખાઓમાં પ્રસ્તરીને કૃતિનાં કથામૂળ સાથે સંપર્ક ટકાવી રાખે, એવું આયોજન આ કૃતિમાં સ્વાભાવિક છે. કૃતિને અંતે સ-ફળ શ્રેયસ્કર પરિણામ પ્રગટ કરવાની વૃત્તિ હોય, એ પણ સ્વાભાવિક છે. માનવ અને માનવ્યનો વિકાસ, એ સર્જકનો ઈષ્ટ આશય છે. સમાજ, ધર્મ, રાજ્ય, શિક્ષણ જેવાં, જીવન-સંલગ્ન અંગોને કથામાં સંમિલિત કરીને સર્જકે તદવિષયક (તદ્વિષયક) ચિંતનને સ્થાન આપ્યું છે. અલબત્ત, એ વિવિધ અંગોના કેન્દ્રમાં કુટુંબ છે અને કુટુંબના ઉત્કર્ષની ભૂમિકાએ શ્રેયસ્કર વિકાસની સર્વાશ્લેષી દૃષ્ટિને અહીં સ્થાન મળ્યું છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૨૭૨]

### ચી૰ ના૰ પટેલ

"'સરસ્વતીચંદ્ર'નું મને આટલું બધું આકર્ષણ થયું છે કે તેમાં મારા બધા વાચનરસો તૃપ્ત થયા છે. સામાન્ય રીતે આપણે પરંપરાગત પ્રકારની નવલકથામાં વાર્તા, પાત્રાલેખન, સંવાદ ને વર્ણનના ચમત્કારની અપેક્ષા રાખીએ છીએ. અને તેમના કુશળ સંયોજનમાં આકૃતિસર્જનનું રસાયણ અનુભવીએ છીએ. પરંતુ આ માત્ર હૃદયનો-ઊર્મિતંત્રનો-અનુભવ છે. [....] વાર્તારસની દૃષ્ટિએ મને 'સરસ્વતીચંદ્ર'ના  પહેલા ભાગમાં બીજી કોઈ ગુજરાતી નવલકથા કરતાં વધારે રસ પડ્યો છે. મુનશીની કથાઓ વધુ તેજીલી ગતિથી વહેતી હોય છે, અને તેમનાં પાત્રો વધુ જીવંત લાગે છે. પરંતુ મને એ પાત્રોમાં ચૈતન્યનો આભાસ માત્ર લાગે છે, અંદરથી તે પોલાં હોય છે. તેમના સંવાદોમાં બુદ્ધિની ચમક જણાય છે, પણ તે માત્ર ગિલેટના ચળકાટ જેવી હોય છે. તેમાં ચિંતનની ગંભીરતા કે વિચારની સચ્ચાઈનો સ્પર્શ નથી લાગતો. તેમનો વાર્તારસ પણ ડિટેક્ટિવ

નવલકથાના રસ જેવો માત્ર ઉત્તેજનાભર્યો હોય છે. તે સ્થૂળ ઘટનાઓમાંથી પાત્રોના મનોભાવોની આંતરસૃષ્ટિ પ્રત્યે ગતિ કરી તેનાં ઉત્તરોત્તર વધુ ઊંડાં સ્તર પ્રગટ નથી કરતી.

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૬૧]

**જયંત કોઠારી**

"ગુજરાતી પ્રજા વીશેની અને ગુજરાતી પ્રજા માટેની આ ('સરસ્વતીચંદ્ર') નવલકથા છે. એમાં ગુજરાતી પ્રજાજીવનનું સર્વગ્રાહી ચીત્ર છે, ભુત વર્તમાન અને ભાવીના ઐતીહાસીક, વાસ્તવીક, કાલ્પનીક આલેખો છે ને ગૃહસંસારી, સામાજીક, ધાર્મીક, રાજકીય એ સર્વ ક્ષેત્રોનાં સંક્રાન્તીકાળનાં મંથનોનું દીગ્દર્શન છે. [....] કથાપ્રવાહ, ઘટનાપ્રપંચ, સમાજચીત્ર, માનસનીરુપણ, વર્ણન અને ગદ્ય આ બધામાં ગોવર્ધનરામે પોતાની વીરલ કહેવાય એવી સર્જક-શક્તી પ્રગટ કરી છે. 'સરસ્વતીચંદ્ર'ની એક કલાકૃતી તરીકે મર્યાદાઓ જરુર બતાવી શકાય, પણ એથી ગોવર્ધનરામની સર્જકતાની પ્રબળતાને આંચ આવતી નથી. એમ લાગે છે કે મેધા અને સર્જકપ્રતીભા એ બન્નેની દૃષ્ટીએ 'સરસ્વતીચંદ્ર'કારની કોટીએ પહોંચવાનું હજી આપણે માટે બાકી રહ્યું છે."

['નવલ-લોકમાં', જયંત કોઠારી, પ્રકા૰-મંગળા કોઠારી, પ્ર૰ આ૰ જાન્યુ૰ ૨૦૦૧, પૃ૰ ૩૯]

•

"ગોવર્ધનરામનું લક્ષ આ ભૌતીક દુનીયાને વર્ણવવા કરતાં માનવકથા કહેવા તરફ વીશેષ છે અને તેમાં પણ પાત્રોનાં સ્થુળ, બાહ્ય વર્ણનો આપવા કરતાં એમના સુક્ષ્મ માનસીક વ્યાપારોને નીરુપવા તરફ વીશેષ છે. એથી ગોવર્ધનરામ પાસેથી કથાના વીસ્તારના પ્રમાણમાં વર્ણનો કંઈક ઓછાં મળે છે. બીજા લેખકો વર્ણનની તક શોધે ત્યાં ગોવર્ધનરામ તક જતી કરે છે અને બીજા લેખકો જ્યાં વર્ણનમાં વહી જાય ત્યાં ગોવર્ધનરામ આવશ્યક સંક્ષીપ્ત વર્ણનનો જ આશ્રય લે છે. પણ આનો અર્થ એવો નથી કે 'સરસ્વતીચંદ્ર'માં વર્ણનોની સ્થીતી અસંતોષકારક છે કે ગોવર્ધનરામ વર્ણનની વીશીષ્ટ શક્તી નથી. 'સરસ્વતીચંદ્ર'માં સંક્ષીપ્ત વર્ણનકલીકાઓ તો ઠેરઠેર વેરાયેલી નજરે પડે છે અને ઓછાંવત્તાં લાંબાં વર્ણનો પણ ઠીકઠીક મળે છે. એ સર્વમાં ગોવર્ધનરામની સમર્થ સર્જકપ્રતીભાનો આપણને પરીચય થયા વીના રહેતો નથી."

['નવલ-લોકમાં', જયંત કોઠારી, પ્રકા૰-મંગળા કોઠારી, પ્ર૰ આ૰ જાન્યુ૰ ૨૦૦૧, પૃ૰ ૭૧]

### જયંત જોષી

"'સરસ્વતીચંદ્ર'માં મહાકાવ્ય જેવી જ વર્ણન પરંપરાની વિપુલતા છે. કોઈ નાજુક, કોઈ લલિત, કોઈ ઉદાત્ત, કોઈ ઊર્જિત, કોઈ ભીષણ, કોઈ સૌમ્ય, કોઈ શક્તિથી ઉછળતું તો કોઈ વ્યાપક અને સૂક્ષ્મ, કોઈ અતિશયતાથી ક્લાન્ત કરતું; તો કોઈ ગહન અનુભૂતિથી ઈન્દ્રિયાતીત અનુભવ આપતું, કોઈ બેડોળ ભવ્યતાથી મૂઢ બનાવાતું, તો કોઈ સૌન્દર્યની સુષમાયુક્ત પ્રસન્નતા પ્રગટાવતું...એમ અનેક રૂપનું વર્ણન તે તે પ્રકારની લાગણી પ્રગટાવતું આ બૃહન્નવલમાં વેરાયેલું પડ્યું છે. [....] લેખકની કલ્પનાનો વિજય સિદ્ધ કરતી નાગલોકનાં રાફડાઓની, અર્જુનના રથ અને જુદા જુદા દેશોનાં કપિઓ, ઋક્ષો, ચકોરો, વગેરે ખેંચતા તેના દોરડાનું દશ્ય, કુરુક્ષેત્ર અને પાંચાલીનું દશ્ય, જરઠ બ્રાહ્મણ અશ્વત્ત્થામા અને પરશુરામના કાર્યોનું દશ્ય, નાગશય્યા પર પોઢેલા ભીષ્મપિતામહનું દશ્ય, પૃથ્વી પરના સુધારકો, જુદી જુદી સંસ્કૃતિઓ ધરાવતા માનવીઓ, તેમનાં કાર્યનાં વિચિત્ર જંતુઓ રૂપે પડતાં પ્રતિબિંબોનાં દશ્યો...વગેરે વર્ણનપરંપરા તો આખી નવલકથાને ખેંચીને કોઈ ઊંચા રહસ્યલોકમાં લઈ જાય છે."

['શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારકગ્રંથ', સં૰ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને અન્ય, શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ સમિતિ નડિયાદ, પ્ર૰ આ૰ ઑક્ટો૰ ૧૯૫૫, પૃ૰ ૧૫૭]

### જયેશ ભોગાયતા

"ગોવર્ધનરામે સરસ્વતીચંદ્ર તથા કુમુદની કથાની સાથે બુદ્ધિધન તથા સૌભાગ્યદેવી, વિદ્યાચતુર તથા ગુણસુંદરી, ભૂપસિંહ તથા રાજબાના પૂર્વજીવનનાં વૃત્તાન્તો વર્ણવ્યાં છે. તે પદ્ધતિને રામનારાયણ પાઠકના શબ્દોમાં કહીએ તો મોટી તપેલીમાં નાની તપેલી સમાઈ જાય તે પ્રકારની છે. આપણાં મહાકાવ્યો રામાયણ-મહાભારત તેમજ કથાસરિત્સાગર અને પંચતંત્રમાં, કથામાં કથા ગૂંથવાની (પેટીકથા) પદ્ધતિ છે તેને અનુસરીને ગોવર્ધનરામે બૃહત્કથા લખી છે. આ અર્થમાં ગોવર્ધનરામની કથાલેખનપદ્ધતિનો એક તંતુ આપણી પ્રાચીન કથનપરંપરા સાથે જોડાયેલો છે."

['અનુબંધ', જયેશ ભોગાયતા, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, પ્ર૰ આ૰ જુલાઈ ૨૦૦૧, પૃ૰ ૧૧૪]

### ડોલરરાય માંકડ

"ભારતીય વિવેચનમાં રુદ્રટ, અભિનવ, વગેરે કથાના બે પ્રકાર ગણે છે. તેમાંથી એક પ્રકારને ખંડકથા અને બીજાને સકલકથા કહે છે. કથાના આ બે પ્રકારો જેવા જ કાવ્યના બે પ્રકારો પણ ગણાય છે. ખંડકથા જેવો પ્રકાર તે ખંડકાવ્ય કે લઘુકાવ્ય અને સકલકથા જેવો પ્રકાર તે

મહાકાવ્ય. અને મહાકાવ્ય કે સકલકથા અને ખંડકાવ્ય કે ખંડકથા વચ્ચે ભારતીય કાવ્યશાસ્ત્ર આમ ભેદ કરે છે : ભારતીય કાવ્યશાસ્ત્ર મુજબ મહાકાવ્ય અને સકલકથામાં માનવજીવનના ચાર પુરુષાર્થોનું એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેનું નિરૂપણ હોવું જોઈએ. અને ખંડકાવ્ય કે ખંડકથામાં આ ચારમાંથી એકાદનું નિરૂપણ હોવું જોઈએ. આ પરિભાષાને નજર આગળ રાખીને હું સરસ્વતીચંદ્રને નવલકથા નથી કહેતો પણ સકલકથા કહું છું."

['નૈવેધ', ડોલરરાય માંકડ, શ્રી ડોલરરાય માંકડ ષષ્ઠિપૂર્તિ સન્માન સમિતિ અલીઆબાડા, પ્ર૰ આ૰ ૧૯૬૨, પૃ૰ ૮૫]

### દમયંતી પરમાર

"બન્ને મહાનવલોએ ભારતીય સમાજ, ધર્મ, સંસ્કૃતિ, તત્ત્વદર્શન દ્વારા પ્રજાને ઉત્કર્ષનો માર્ગદર્શક પ્રકાશ આપ્યો છે અને ગુલામી માનસ, રૂઢિજડતા, વહેમ, અધોગતિ કરતી જીવનરીતિમાંથી મુક્ત કર્યાં છે. આ દૃષ્ટિએ 'સરસ્વતીચંદ્ર' અને 'ગોરા'માં દીસી આવતું સામ્ય આનંદ-આશ્ચર્ય જન્માવે છે. [...] એકંદરે અથવા સમગ્રપણે જોઈએ તો પૂર્વની સંસ્કૃતિની મંત્રવિદ્યા, પશ્ચિમની સંસ્કૃતિનું તંત્રવિજ્ઞાન, પૂર્વની સંસ્કૃતિનું શાણપણ, પશ્ચિમની સંસ્કૃતિની બે મહાન નવલકથાકારોએ આ મહાનવલની સૃષ્ટિમાં આલેખવાનો પ્રયત્ન કર્યો છે."

['રવીન્દ્રનાથ ટાગોરકૃત 'ગોરા', સં૰ ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર૰ આ૰ ૨૦૧૨, પૃ૰ ૧૯૩]

### દયારામ ગિડુમલ

"કુમુદને સરસ્વતીચન્દ્ર જોડે પરણાવી નહિ તે તમે ઠીક કર્યું. કારણ જો પરણાવી હોત તો એનાં માબાપનું મન દુખાત, તેમ જ વખતે એને પોતાને પણ દુઃખ થાત. અને એના પતિને પણ લાગી આવત. પણ કુસુમને તો કુંવારી રહીને જ જિંદગી ગાળવી હતી, અને મને લાગે છે કે એની જોડે લગ્ન કર્યા સિવાય પણ સરસ્વતીચન્દ્ર પોતાનું કલ્યાણગ્રામ સ્થાપી શકત. શું કુમુદ અને કુસુમે પોતાની બાકીની જિંદગી સાધ્વીઓ તરીકે ગાળી હોત તો બહેતર થાત નહિ ? એ રસ્તે તેઓ સરસ્વતીચન્દ્રને મદદ કરી શકત. સ્ત્રીઓને માટે આશ્રમ અથવા શાળા (કૉલેજ) કાઢી, અવિવાહિત સ્ત્રી પોતાના દેશને કેવી આશીર્વાદરૂપ થઈ પડે છે તેનું દૃષ્ટાંત તેઓ આપી શકત. આ વિચાર તમને આવ્યો હશે, છતાં તે દૂર રાખી, જાણી જોઈને સરસ્વતીચન્દ્ર પાસે એના સૂક્ષ્મશરીર સંબંધે તમે એનાં બે સ્ત્રી જોડે લગ્ન કરવાની દશા શા માટે આણી હશે ? જો એણે પોતાનું હૃદય કુમુદને અર્પણ કરેલું હતું તો પછી ખરી રીતે એ કુસુમને તે કેમ આપી શકે ?"

['ગોવર્ધનશતાબ્દી ગ્રંથ', સં૰ ઉપેન્દ્ર પંડ્યા, એન૰ એમ૰ ત્રિપાઠી પ્રા૰ લિ૰ મુંબઈ, બી૰ આ૰ ૧૯૭૭, પૃ૰ ૬૧]

### દિગીશ મહેતા

"'સરસ્વતીચંદ્ર' કૃતિ સમગ્ર રીતે જોઈએ તો તેમાં પણ દાર્શનિક મનનના લાંબા ચીલા છે અને એને વિચારપ્રધાન નવલકથા કે નોવેલ ઓફ આઈડિયાઝ તરીકે જરૂર જોઈ શકાય. પણ પહેલા ભાગની વિશિષ્ટતા જ એ છે કે અહીં હજુ કથાત્મક ઉન્મેષ વધુ પ્રબળ છે. અહીં વિચારો ક્યાંય સુધી ખાળી રખાયેલી અવસ્થામાં રહે છે. એમ કરતાં એક ચોક્કસ પળે પરંપરાગત રીતથી આરંભાયલી આ કથા કે વાર્તા હવે 'નોવેલ' તરીકે નીવડી સ્થિર રીતે આગળ વધવા માંડે છે."

['ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ', સં૰ સુધીર ચંદ્ર, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ સુરત, પ્ર૰ આ૰ ૧૯૮૮, પૃ૰ ૪૩]

•

"'સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગની પ્રસિદ્ધિ સાથે ગુજરાતી સાહિત્યમાં 'નોવેલ' એટલે કે નવલકથા એક આગવા સ્વરૂપ તરીકે સ્થિર થાય છે અને છતાં કલ્પનોત્થ સાહિત્યની લખાવટમાં જેને વિશિષ્ટ રીતે નવલકથાત્મક રીતે એટલે કે નોવેલિસ્ટિક મોડ કહીએ તે પરત્વેની કેટલીક પાયાની આપણી અપેક્ષાઓને તે કૃતિ પૂરી કરતી નથી. [...] 'સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગને સીધો વાંચીએ તો એને 'નોવેલ' તરીકે સમાવતાં પહેલાં ખુદ 'નોવેલ' સ્વરૂપના સમગ્ર સંધાન, એ કન્વેશનને નવેસરથી વિસ્તારવું પડે, કે તેની વ્યાખ્યા કરવી પડે."

['ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ', સં૰ સુધીર ચંદ્ર, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત, પ્ર૰ આ૰ ૧૯૮૮, પૃ૰ ૪૨]

### દિલાવરસિંહ જાડેજા

"'સરસ્વતીચંદ્ર'ની વસ્તુસંકલના પ્રાચીન ભારતીય પદ્ધતિ પ્રમાણે થયેલી ગણાય. પ્રાચીન ભારતીય પદ્ધતિમાં વસ્તુસંકલન જાણે નિમિત્તરૂપે હતું. કેન્દ્રમાં હતું અલંકાર કૌશલ, પાત્રોની ઝીણવટભરી વિગતોનું ચિત્રણ અને સર્વતોમુખી જીવનદર્શન. [....] વસ્તુસંકલનામાં ગોવર્ધનરામ દશ્યાત્મક કરતાં વર્ણનાત્મક આલેખનોનો વિશેષ આશ્રય લે છે. પરંતુ પ્રસંગ આવ્યે નાટ્યોચિત દશ્યાત્મક આલેખનો તેઓ સુકરતાથી કરી શકે છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૯૨]

### નટવરસિંહ પરમાર

"પ્રબોધકાલીન ગુજરાતના - બ્રિટિશ હિન્દના સામાજિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સંભવેલી પરિસ્થિતિ અને સમસ્યાઓનું ઊંડું અને વ્યાપક આકલન-પર્સેપ્શન કરવા મથતી એ

ગુજરાતી નવલકથા છે. અગર સાચું કહીએ તો ૧૯મી સદીમાં સંભવેલા નવજાગરણના સત્ત્વ-essenceને ગુજરાતી ભાષામાં રૂપ આપતી ભારતીય નવલકથા છે. [....] 'સરસ્વતીચંદ્ર'માં યોજાયેલું વાક્યરચનાનું કુશળ શિલ્પ પણ ગોવર્ધનરામની ગદ્યસિદ્ધિની અપૂર્વતાનું દ્યોતક છે. ભાવ, લાગણી અને મનોસંઘર્ષના નિરૂપણમાં ગોવર્ધનરામ ટૂંકાં, સરળ અને અણીયાળાં વાક્યોની રચના કરે છે. એમના ટૂંકાં વાક્યોના લય દૃઢ અને ત્વરિત હોય છે. જે ચિત્તની સાન્દોલગતિના નિદર્શન માટે અર્થવાહી બની રહે છે. તો મહાવાક્યોમાં રહેલા શબ્દો, ગૌણ વાક્યો, એમાં યોજાયેલા શબ્દો વગેરેનાં લયના અન્વયમાંથી ઊપસતા લયબંધનો સિંહગતિ એમના ગદ્યની ગૌરવ મનોહારિતા, ચૈતન્ય અને ક્ષમતા અર્પે છે."

['શબ્દસૃષ્ટિ', સં૰ ભાગ્યેશ જહા, દક્ષેશ ઠાકર, ફેબ્રુ૰ ૨૦૧૭, પૃ૰ ૧૮૩]

**નવલરામ**

"એ ('સરસ્વતીચંદ્ર') નવલવાર્તા જેવી સ્વબુદ્ધિજન્ય તેવી જ પંડિતાઈ ભરેલી, અને પંડિતાઈ ભરેલી તેટલી જ રસમય છે. અંગ્રેજી ભાષામાં લખાયેલી નામીચી નૉવેલો સાથે એનો મુકાબલો કરી શકાય એમ છે, અને એ કરણઘેલો છે તે કરતા પણ કેટલીક બાબતોમાં બહુ ચડિયાતી છે. અલબત્ત એમાં કેટલાક ગંભીર દોષો પણ છે. પરંતુ તેટલા માટે જ અમે કહીએ છીએ કે આવાં પુસ્તકને ઘટતો ન્યાય મોટા ત્રૈમાસિક વિના કદી પણ આપી શકાય નહિ."

['નવલગ્રંથાવલિ', તારણ કાઢનાર - નરહરિ પરીખ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પ્ર૰ આ૰ ૧૯૩૭, પૃ૰ ૩૨]

**ન્હાનાલાલ**

"સહુ પ્રજાઓના વિશિષ્ટ સાક્ષરવર્ગે ઘણાખરા દેશસાક્ષર હોય છે, કોઇક મહાવ્યક્તિ જગત્સાક્ષર હોય છે. બાણ સરવેન્ટિસ બાલ્ઝાક ટોલસ્ટોય ગોઇથે હ્યૂગો એ કાદમ્બરીકારો જગત્સાક્ષરો હતા. આપણા ગોવર્ધનરામભાઈએ કક્ષાના જગત્સાક્ષર છે, ને સરસ્વતીચન્દ્ર જગત્કાદમ્બરી છે. [....] એ ખરૂં કે સરસ્વતીચન્દ્ર તે નથી વેદ કે નથી ધમ્મપદ, નથી ઇંજિલ કે નથી કુરાન. ને ગોવર્ધનરામભાઈ યે નથી વ્યાસ કે વાલ્મીકિ, નથી હોમર કે ફિરદૌસી. સરસ્વતીચન્દ્રનો રસગ્રન્થ નથી ભાગવત કે ડિવાઈન કોમેડી. સરસ્વતીચન્દ્ર શું નથી તે સૌને સુવિદિત છે. એનાથી નિરવધિ આત્મસંપત્તિવન્તા રસગ્રન્થો સરસ્વતીના જગત્વાગ્ભંડારે નથી એમ નથી. છતાં સરસ્વતીચન્દ્ર જગતની ચિરંજીવ મહાકાદમ્બરી છે, ને અમૃતલેખિનીશાળી ગોવર્ધનરામભાઈ જગતના એક મહાકાદમ્બરીકાર."

['જગત્કાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્રનું સ્થાન', ન્હાનાલાલ, પ્રકા૰-ચન્દ્રશંકર ન૰પંડ્યા, પ્ર૰ આ૰ ૧૯૩૩, પૃ૰ ૪૧]

**પદ્મા ફડિયા**

"શ્રી ગોવર્ધનરામે આમ વિવિધ પ્રકારના કુટુંબ જીવનને લગતાં ચિત્રણો દ્વારા એક નિર્વિવાદ હકીકત આપણી સમક્ષ રજૂ કરી છે. અને તે એ કે આપણું - આપણી પ્રજાનું અરે! સમસ્ત મનુષ્યજાતિનું સુખદભાવિ સ્ત્રીસમાજના હાથમાં રહેલું છે."

['શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારકગ્રંથ', સં૰ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને અન્ય, શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ સમિતિ, નડિયાદ, પ્ર૰ આ૰ ઑક્ટો૰ ૧૯૫૫, પૃ૰ ૧૮૬]

**પ્રવીણ દરજી**

"'સરસ્વતીચંદ્ર' રચાયે લગભગ સો વર્ષ થવા આવ્યાં. આ આખા સૈકામાં ગુજરાતી ભાષાની કોઈ એક કૃતિએ વિવેચનની બરાબર ઝડતી લીધી હોય તો તે 'સરસ્વતીચંદ્ર'એ. એમાં આપણો વિવેચક અને વિવેચન બંને આજ દિન સુધી ઠીક ઠીક ઉઘાડાં પડતાં ગયાં છે. એક તરફ એની ઉપર 'મહાકાવ્ય' કે 'સકલકથા' સુધીનાં વિશેષણોનો થર ચડાવવામાં આવ્યો છે તો બીજી બાજુ સાહિત્ય વિશેના નવા અભિગમોને આગળ ધરીને કૃતિ તરીકેનો એનો કાંકરો કાઢી નાખવાની ચેષ્ટા થતી રહી છે. આ બંને પ્રકારના આત્યંતિક પ્રયત્નોની ખેંચતાણ વચ્ચે પણ કૃતિ એના કેટલાક ટકાઉ અંશો સાથે આજે ય અડીખમ ઊભી છે. ઉભય પ્રકારનાં વિવેચનોને વટીને ભાવકને આ ગ્રંથ પાસે, એનાં કેટલાંક રસસ્થાનોપાસે વળી વળીને જવું ગમે છે એ જ કદાચ ગોવર્ધનરામની સર્જકતાનો, 'સરસ્વતીચંદ્ર' કૃતિનો, જાદુ છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૩૨૬]

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**

"ઈ૰સ૰ ૧૮૮૭નું વર્ષ અનેક સમર્થ સાહિત્યકારો અને સાહિત્યકૃતિઓની ઉત્પત્તિ સાથે સંકળાઈ, ગુજરાતી સાહિત્યમાં એક સીમાચિહ્નરૂપ બની ગયું છે. 'સરસ્વતીચંદ્ર' : ભાગ ૧ના પ્રાગટ્યને એ વર્ષની સૌથી મોટી સાહિત્યિક ઘટના કહી શકાય. એક સૈકા પછી પણ એ કૃતિ આજે માત્ર ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની રહી નથી. સાહિત્ય વિશેના આધુનિક અભિગમોને આધારે એનો કાંકરો કાઢી નાંખવાના કેટલાક આક્રમક પ્રયાસો છતાં એ કૃતિ આજે પણ અડીખમ ઊભી છે અને વિવેચકોને પડકાર ફેંકતી રહી છે એ બાબત જ તેની જીવંતતાનું પ્રમાણ છે. [....] સનાતન રસસ્થાનોની ઉચિત ખિલવણી ઉપરાંત સર્જનાત્મકતાના અનેકવિધ રમ્ય ઉન્મેષોને કારણે આ કૃતિ એક સૈકા પછી પણ ટકી રહી છે."

['સમીક્ષાસેતુ', પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર૰આ૰ ૧૯૯૦, પૃ૰૦૧]

•

"સાહિત્ય વિશેના આધુનિક અભિગમોને આધારે એનો ('સરસ્વતીચંદ્ર'નો) કાંકરો કાઢી નાંખવાના કેટલાક આક્રમક પ્રયાસો છતાં એ કૃતિ આજે પણ અડીખમ ઊભી છે અને વિવેચકોને પડકાર ફેંકી રહી છે એ બાબત જ તેની જીવંતતાનું પ્રમાણ છે."

['સમીક્ષાસેતુ', પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પ્રકાશન અમદાવાદ, પ્ર૦ આ૦ ૧૯૯૦, પૃ૦ ૦૧]

**બટુક દલીચા**

"લેખકે સરસ્વતીચંદ્રનું વ્યક્તિત્વ એવું દર્શાવ્યું છે, કે તેનામાં વૈરાગ્યવૃત્તિ સહજ હતી. જગતને તટસ્થ રીતે જોવાની ઝંખના તીવ્ર હતી. જગતનાં વળગણોથી તે પર હતો. કથામાં જ્યાં જ્યાં જરૂર ઊભી થઈ, ત્યાં ત્યાં તેને વૈરાગી ચીતરવાનો પ્રયત્ન થયો છે. તેને જગત ક્ષણિક લાગતું હતું. તેના વૈરાગ્યની પૂર્વભૂમિકારૂપે જ અહીં તેનો ગૃહત્યાગ લેખકે દર્શાવ્યું છે. વૈરાગ્યની પૂર્વભૂમિકા એટલે જ 'સર્વસ્વનો ત્યાગ.'"

['સંવિદ', બી૦ ડી૦ દલીચા, પ્રકાશક-પોતે, પ્ર૦ આ૦ સપ્ટે૦ ૧૯૮૭, પૃ૦ ૯૧]

•

"આ ('સરસ્વતીચંદ્ર') નવલકથાનું કલાવિધાન કલાના માપદંડથી માપી શકાય તેમ નથી; કલાત્મકતા આ મહાનવલમાં ઘણી જગ્યાએ ગડથોલિયાં ખાઈ જાય છે તેમ છતાં એ યુગની દૃષ્ટિએ જોતાં તત્કાલીન સમયની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. જ્યાં જ્યાં કલાકાર ઉપદેશ કે ચિંતનમાં સરી પડે છે, ત્યાં ત્યાં તેનું કલાવિધાન લપસી પડે છે."

['સંવિદ', બી૦ ડી૦ દલીચા, પ્રકાશક-પોતે, પ્ર૦ આ૦ સપ્ટે૦ ૧૯૮૭, પૃ૦ ૯૧]

**બળવંતરાય ક૦ ઠાકોર**

"'સરસ્વતીચંદ્ર' માત્ર નવલ એટલે સાધારણ નવલ નથી, માત્ર વિનોદન નથી; એ કરતાં ઘણી ઊંચી વસ્તુ છે, અને આવો નિર્ણય એના મોટાં કદને કિંવા એમાં અનેક વસ્તુ સાથે ગૂંથેલી છે એવાં એવાં બાહ્ય કારણોને પણ આભારી નથી. એમાંનાં મુખ્ય પાત્રો સજીવન અને પાકા રંગે આલેખેલાં છે, અને એ પાત્રોનાં મંથન, ચારિત્રપરિપાક અને ફલિત થતાં જીવંજનતાને ઉન્નત ભાવનામય જીવનસંદેશ પૂરા પાડે છે; માટે તે વિનોદક (recreative રેક્રિયેટિવ) નવલ કરતાં ઊંચામાં ઊંચા અને પવિત્ર ધર્મબોધક 'પુરાણ'ના વર્ગની વધારે છે; અને વળી એનો બોધ પુરાણો અને ધર્મગ્રંથોની શુષ્ક અથવા માણસને દાબી દે એવી રીતે નથી થતો, સુંદર, મોહક રીતે

અનાયાસે "સદ્યઃ પરનિર્વૃતિ" રૂપ કલામુદા સાથે, અને "કાન્તાની વાણી"ના જેવી કલાશૈલીએ થાય છે, એટલે તે "પુરાણ"ના કરતાં ઊંચા "કાવ્ય"ના વર્ગની ગણવાને પાત્ર છે."

['વિવિધ વ્યાખ્યાનો - ગુચ્છ પહેલો', બ૰ ક૰ ઠાકોર, શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૨૯૧મું, પ્ર૰ આ૰ નવે૰ ૧૯૪૫, પૃ૰ ૬૧]

•

"મહાભારતમાં અથવા તો કોઈ પણ પુરાણમાં જેમ, તેમ 'સરસ્વતીચંદ્ર'માં ય મુખ્ય વસ્તુ પોતે જ એકથી વધારે છે; અને એમાં જેટલી મુખ્ય વસ્તુઓ છે તેટલાં આદિ, મધ્ય, અને અંત છે, તેટલાં નાયક, નાયિકા, ઉપનાયક, પ્રતિનાયક છે, તેટલાં જ મુખપ્રતિમુખ, ગર્ભનિર્વહણાદિ પણ હોવાં જોઈયે અને છે. કર્તાએ ચોપડી ચાર ભાગે બહાર પાડી એટલું જ નહીં પણ ચાર ક્રમે લખેલી છે, ઓગણીશ વર્ષે પૂરી કરેલી છે, અને દરેક ખંડ યોજતાં તે તે ભાગવિભાગને દૃષ્ટિક્ષેત્રના મધ્યમાં આણી મુખ્ય વસ્તુ ગણીને જ રચેલી છે. ચતુર્મુખ બ્રહ્માના આપણે ચારે મુખ એક ક્ષણે પ્રકટ થયાં માનિએ છિયે. આ અક્ષર મૂર્તિ બ્રહ્માનાં ચાર મુખ એક પછી એક યોજાયાં અને ઘડાયાં છે. એટલે એ દરેક મુખ ઉપરની એક એક, અને વચલી તાલકી ઉપરની પાંચમી - ચારેમાં ગૂંથાઈ ઉપરતળે પરોવાઈ પાંચેને પાછી એકમાં સાંકળી લેનારી, એ પ્રમાણે આ જટાજૂથમાં પાંચ જટાઓ સંલગ્ન છતાં એક એક સ્વતંત્ર પણ છે, જે બધીને છૂટી છૂટી ઉકેલવાની અને પાછી સંકેલવાની છે."

['વિવિધ વ્યાખ્યાનો - ગુચ્છ પહેલો', બ૰ ક૰ ઠાકોર, શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૨૯૧મું, પ્ર૰ આ૰ નવે૰ ૧૯૪૫, પૃ૰ ૭૬]

**બાબુ દાવલપુરા**

"'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ આપણા પહેલા એવા નવલકથાકાર છે, જે નવલકથાનાં પ્રયોજન, કાર્ય અને ભાષાના માધ્યમ પરત્વે સભાન હોય. [....] ભાવ મનોમંથન-મૂંઝવણની પળોની સ્વગતોક્તિઓની સંવેદનક્ષમતા, વ્યવહારભાષાની નજીક રહેતા સંવાદની સહજતા અને નિબંધાત્મક ચિંતન-ચર્ચાસભર સંવાદ-કથનની વિચારક્ષમતા પણ જેમાં હોય એવું અનેકસ્તરીય સર્જનાત્મક ગદ્યનું પોત 'સરસ્વતીચંદ્ર'માં પ્રથમવાર જ સિદ્ધ થતું દેખાય છે."

['ગ્રંથ', તંત્રી-યશવંત દોશી, એપ્રિલ ૧૯૮૫, પૃ૰ ૩૨]

**ભરતકુમાર ઠાકર**

"'સરસ્વતીચંદ્ર' - ભાગ ૧નાં એકવીસ પ્રકરણોમાં ગોવર્ધનરામ ત્રિપાઠીએ વસ્તુસંવિધાનનો

ખાસ્સો કસબ દાખવ્યો છે. [...] પહેલા ભાગમાં વસ્તુગૂંથણી કરવા સારું લેખકે કથાના બે પ્રવાહ નિર્માણ કર્યા છે. આ બે પ્રવાહ સ્પષ્ટ રીતે અલગ અલગ વહેતા નથી અને એ ક્યારે એકમેકમાં સંક્રાન્ત થઈ જાય છે એની ખબર જ ભાવકને પડતી નથી. એક બાજુએ સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીના સ્નેહજીવનની કથા નિરૂપાઈ છે, તો બીજી બાજુએ બુદ્ધિધન અને શઠરાય વચ્ચે સત્તાપ્રાપ્તિનો જે ગજગ્રાહ ખેલાય છે તેની વાત છે, જે આ ભાગ પૂરતી પ્રાધાન્ય ભોગવતી કેટલાકને લાગી છે. આમ, આ બે પ્રવાહોના સર્જનમાં પણ ગોવર્ધનરામે અપૂર્વ કૌશલ્ય દાખવ્યું છે અને એને લીધે જ 'સરસ્વતીચંદ્ર' - ભાગ ૧ સંપૂર્ણ નવલકથા બને છે."

['નવલકથા : શિલ્પ અને સર્જન', ભરતકુમાર ઠાકર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્ર૦આ૦ ૨૦૦૯, પૃ૦ ૧૨૬]

**ભરત મહેતા**

"સદીના આરંભે થયેલું આ સર્જકકર્મ સદીના અંતે પણ એટલું જ સંતપર્ક લાગે છે એનું કારણ જ એ કે ગોવર્ધનરામે ભાવકને પામવા કાજે સાહિત્યનો માપદંડ ક્યારેય નીચો ન ઉતાર્યો."

['કથામંથન', ભરત મહેતા, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર૦ આ૦ ૧૯૯૩, પૃ૦ ૨૮]

**ભાનુપ્રસાદ પંડ્યા**

"ગોવર્ધનરામની મહત્ત્વાકાંક્ષી નવલકથા 'સરસ્વતીચંદ્ર'નું 'પુરાણ', 'મહાકાવ્ય', 'સકલકથા' અને 'ગરવા ગ્રંથમણિ' તરીકે થયેલું મૂલ્યાંકન એક દૃષ્ટિએ મહત્ત્વનું છે, પણ એ કૃતિનું ચિરંતન તત્ત્વ તો એમાં પ્રગટતું માનવ્ય (Human Element) છે. ગોવર્ધનરામની માનવચિત્તનાં ઊંડાણોને ઢૂંઢવાની શક્તિ દ્વારા જે સર્જકતા આ ગ્રંથના ચારેય ખંડોમાં મ્હોરી છે, એનું ગૌરવ તો આવનારો યુગ પણ કર્યા વિના રહેશે નહિ."

['અનુસ્પંદ', ભાનુપ્રસાદ પંડ્યા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર૦આ૦ ડિસે૦ ૧૯૮૩, પૃ૦૯૨]

•

"એમાં ('સરસ્વતીચંદ્ર'માં) ગુજરાતી ભાષાનું અર્વાચીન રૂપ સોળે કળાએ ખીલેલું છે. કથન-નિવેદન-સમજાવટનું તર્કબદ્ધ અને તર્કપૂત ગદ્ય તત્સમોની ગરિમાથી મંડિત ગદ્યતરેહ, એમાંની કાવ્યમયતા, વાક્યવિન્યાસની અનેકવિધ લાક્ષણિકતાઓ, કહેવતોનું લાઘવ અને રૂઢિપ્રયોગોની માર્મિકતા, સંવાદના ગદ્યની બહુવિધ એ છટાઓ, ચરિત્રનાં મનોમંથનોનો ચિતાર આપતી ભાષાની મર્મકોશી શક્તિ - આ બધું એમાં ઉત્તમ કક્ષાએ પ્રગટ થઈ રહે છે. આજનું લલિત અને લલિતેતર ગુજરાતી ગદ્ય સ્રષ્ટા ગોવર્ધનરામનું કેટલું ઋણિ છે તેનો અપણને અહીં પરિચય થાય

છે. અલબત્ત, ક્યારેક આવતી અતિ સંસ્કૃતમયતા અને દુરૂહતા એની સીમા બને છે એ ખરું, પણ ગદ્યશૈલીના વિવિધ સ્તરોને કારણે આ મહાન સર્જકના વક્તવ્યને ગૌરવભરી અને વેધક અભિવ્યક્તિ સાંપડી, એમ અવશ્ય કહેવું જોઈએ.”

[‘ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક’, સં૰ મંજુ ઝવેરી, જાન્યુ૰-માર્ચ ૧૯૯૪, પૃ૰ ૨૧]

**ભારતી દલાલ**

“‘સરસ્વતીચન્દ્ર’ને શુદ્ધ નવલકથા કહેતા ઘણા વિવેચકો અચકાયા છે, આથી એને પુરાણ, મહાકાવ્ય, સકલકથા જેવી સંજ્ઞાઓથી ઓળખાવવાનો પ્રયત્ન થયો છે. આ બધી સંજ્ઞાઓ એક બાજુથી જેમ આ કૃતિ માત્ર નવલકથા નથી પણ એથી કંઈક વિશેષ છે એમ બતાવવાનો પ્રયત્ન કરે છે, તેમ સાથે સાથે નવલકથામાં, સાધારણ રીતે અપેક્ષિત નહીં અને કંઈક અંશે નવલકથામાં, ઉપકારક નહીં એવા, અપ્રસ્તુત અંશો એમાં ભળી ગયા છે એનું પણ સૂચન કરે છે.”

[‘કથાસાહિત્યનું વિવેચન’, ભારતી દલાલ, પ્રકા૰ પોતે, પ્ર૰ આ૰ ૧૯૭૫, પૃ૰ ૩૪]

**ભોળાભાઈ પટેલ :**

“મારી જાણકારી છે ત્યાં સુધી ભારતવર્ષની કોઈ પણ ભાષાની નવલકથામાં ૧૮૮૭માં ‘સરસ્વતીચંદ્ર’ના ગજાની સર્વાશ્લેષી કોઈ નવલકથા નથી. બંકિમચંદ્રની પણ નહીં એવું કહું તો ખોટું નથી. આપણને આશ્ચર્ય થાય છે કે નવલકથાનું સ્વરૂપ હજી તો માંડ ખૂલતું આપણે ત્યાં થતું હતું - ત્યાં પ્રારંભમાં જ આવો ગ્રંથ મળ્યો. પછીના પ્રત્યેક ગુજરાતી નવલકથાકારની મહેચ્છા ‘સરસ્વતીચંદ્ર’ની પ્રતિસ્પર્ધા કરવાની રહી છે.”

[‘મળી માતૃભાષા મને ગુજરાતી’, ભોળાભાઈ પટેલ, આર૰આર૰શેઠની કંપની, મુંબઈ, પ્ર૰ આ૰ માર્ચ, ૧૯૯૭, પૃ૰ ૧૩૮]

- 

“‘સરસ્વતીચંદ્ર’ના વસ્તુવિન્યાસમાં જટિલતા હોવા છતાં પણ, એમાં અનેક ઉપકથાઓ અને રૂપકોની જટાજાળ હોવા છતાં પણ કથા પોતાની નિશ્ચિત દિશામાં ગતિ કરે છે. [...] અત્યંત વિશાળ પટે વિસ્તરેલી આ બૃહદ્ નવલકથાનો ઘટનાકાળ સરસ્વતીચંદ્રના ગૃહત્યાગ પછીના પાંચ મહિનાની એની રઝળપાટ દરમ્યાન અંતિમ બે મહિના માત્રનો છે, પરંતુ સરસ્વતીચંદ્ર અને કુમુદની આ મુખ્ય કથાના સમયાન્તરાલમાં લેખકે, ત્રણ પરિવારોની, ત્રણ પેઢીનાં પાત્રોની કથાઓ પણ વણી લીધી છે.”

[‘ભારતીય નવલકથા પરંપરા અને ગ્રામકેન્દ્રી નવલકથા’, ભોળાભાઈ પટેલ, રંગદ્વાર પ્રકાશન અમદાવાદ, પ્ર૰ આ૰ ૨૦૧૫, પૃ૰ ૧૨૧]

### મણિલાલ ન૰ દ્વિવેદી

“અબળાને પોતાના અવિચારનો ભોગ કરી મરણપર્યંત દુ:ખી કરી નાંખનાર સરસ્વતીચંદ્રની વિદ્યાને અમે તો એક ભારે બટ્ટો લાગ્યો ગણીશું.”

['સરસ્વતીચંદ્ર : વિસરાયેલાં વિવેચનો', સં૰ જયંત કોઠારી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર૰ આ૰ નવે૰ ૧૯૮૭, પૃ૰ ૪૫]

### મણિલાલ નારણજી તંત્રી

“ગોવર્ધનરામ ત્રિપાઠીનું સ્મરણ ગુજરતી સાહિત્યની તવારીખમાં રહેવાનું છે તે આ ('સરસ્વતીચંદ્ર') નવલકથાની ઉત્તમતાને લીધે છે એમ કહેવા કરતાં ગુજરાતી ભાષાના ધોરણનું ભાન કરાવવાને લીધે છે એમ કહેવું વધારે યોગ્ય છે.”

['સરસ્વતીચંદ્ર : વિસરાયેલાં વિવેચનો', સં૰ જયંત કોઠારી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર૰ આ૰ નવે૰ ૧૯૮૭, પૃ૰ ૨૩૭]

### મનસુખલાલ ઝવેરી

“'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં ગોવર્ધનરામે પ્રીતિની, યજ્ઞોની અને માનવકર્ત્તવ્યની જે સમર્થ મીમાંસા કરી છે તેના મુખ્યત્વે બે હેતુ છે : એક તો નવલકથાના વસ્તુની પૂરતી વાત કરીએ તો સરસ્વતીચંદ્ર અને કુમુદના સંબંધની અને પરસ્પર પ્રીતિભાવની ધર્મ્યતા સિદ્ધ કરવી અને તેમની પાસે વિશ્વસેવાનું ક્ષેત્ર ઉઘાડવું એ; અને બીજું, પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમ, એ ત્રણ સંસ્કૃતિઓના સંગમકાળે આપણી પાસે જે જીવનપ્રશ્નો ઊભા થયા હતા તેનું પર્યેષણ કરવું તે.”

['સંસ્કૃતિ', તંત્રી-ઉમાશંકર જોશી, એપ્રિલ ૧૯૪૯, પૃ૰ ૧૩૦]

### મનુભાઈ પંચોળી 'દર્શક'

“કથા પ્રેમને આધારે ઉદ્‌ભવે છે, જનપ્રીતિને ધક્કે વિસ્તરે છે અને નવા અધ્યાત્મના દર્શને પ્રફુલ્લે છે. પણ તે ત્રણે વાતનો મૂલાધાર પ્રેમ જ છે. પ્રબળ પ્રેમ છતાં પ્રેમીનું જ સુખ તાકી રહેનારો પ્રેમ-સવ્યાજ છતાં નિર્વ્યાજ, સંસારી છતાં વૈરાગી. સરસ્વતીચંદ્ર આવા પ્રેમના જોરે મહાકથા બની અને ગુજરાતના સાહિત્યસર્જનનું મહિમા-શિખર બની.”

['ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', સં૰ મંજુ ઝવેરી, ઑક્ટો૰-ડિસે૰ ૧૯૯૨, પૃ૰ ૨૫૪]

**મનોરમા ગાંધી**

"સ્થળ અને કાળના વિશાળ ફલક પર આલેખાયેલી આ નવલકથાનું વસ્તુ જટિલ છે. તેનાં પાત્રો જીવંત, તાદશ્ય અને સમગ્ર સંસારને આવરી લે તેટલાં વિવિધ છે. તેની ભાવના સંસ્કૃતિના ત્રિવેણીસંગમમાં પવિત્ર સ્નાન કરાવે છે. તેનું ચિંતન આર્ષદષ્ટાનું છે. તેની શૈલી સંસ્કારી અને ગૌરવયુક્ત છતાં ગુજરાતી મરોડવાળી અને સૂક્ષ્મ લયસંવાદ સાધનારી છે. તેનું વાતાવરણ ભવ્ય અને પ્રાકૃત, કોમળ અને કરાળ, સુંદર અને કુત્સિત, મંગલ-અમંગલ સર્વ પ્રકારના દશ્યોથી સભર છે. તેનો આકાર જંગલ કે સાગરના જેવો અપરિમેય છે. તેનો પ્રત્યેક ભાગ એક જુદી નવલકથા જેવો છે. સમગ્રપણે 'સરસ્વતીચંદ્ર' ગુજરાતી ભાષાએ જગતસાહિત્યને આપેલી મહાનવલની ભેટ છે. ગુજરાતી ભાષા જીવશે ત્યાં લગી ભાવિ સર્જકોને પડકારતી અને ભાવિ પેઢીઓને પ્રેરણા અને સાહિત્યનું પાન કરાવતી આ મહાનકૃતિ 'સરસ્વતીચંદ્ર'નું આકર્ષણ ઓછું થવાનું નથી."

['ગુજરાતી નવલકથાનો સાંસ્કૃતિક ઇતિહાસ', મનોરમા ગાંધી, સુમન બુક સેન્ટર, મુંબઈ, પ્ર૦ આ૦ ૨૦૧૦, પૃ૦ ૨૨]

**યશવંત ત્રિવેદી**

"એક સરસ્વતીચંદ્ર કેટકેટલાં પાત્રોની સન્મુખે ઊભો રહે છે, મુકાબલો કરે છે, પ્રેમ કરે છે, ધર્મસંવાદ યોજે છે અને સ્વરને પામે છે! સકલ કથાની બધી જ મેદુરતા કાઢી લઈએ ત્યારે તો સરસ્વતીચંદ્ર પ્રજ્ઞાથી પરિશુદ્ધ બનેલો જાણે કેવળ અનુભવ જ છે! આ સર્વ ભાષા-સ્તરોની યુક્તિઓ તો કેવળ શુદ્ધ પ્રજ્ઞારૂપને પામવા પૂર્વેની પણ હેતુપૂર્વકની - ઉપયોગી સંરચનાઓ છે. સમગ્ર આલેખ પાણી જેવા નિર્મળ દર્પણને વિવિધ ભાષા સંરચનાના સ્તરોમાં ગોઠવવાનો અને પરાવર્તિત કરવાનો જાદુઈ કીમિયો જ હતો!"

['ગોવર્ધનપ્રતિભા', સં૦ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૦ આ૦ એપ્રિલ ૧૯૮૩, પૃ૦ ૧૩૪]

**યશવંત શુક્લ :**

"કુમુદ સરસ્વતીચંદ્રને પત્ર લખવાની પહેલ કરે, સરસ્વતીચંદ્ર એનો અવળો અર્થ ન ઘટાવતા પત્રવ્યવહાર ચાલુ કરે, કુમુદનાં માતા-પિતા એની સામે વાંધો ન લે, નિમિત્ત કાઢી સરસ્વતીચંદ્ર લગ્ન પહેલાં શ્વસુરગૃહે જાય, ત્યાં એના એકાંતખંડમાં કુમુદ 'અનિવાર્ય સ્નેહની પ્રેરી પોતાની મેળે' આવે, માતાની રજા વિના આવે, રજા લેવા વિચાર પણ ન કરે ને આવે, એ વસ્તુ 'સરસ્વતીચંદ્ર'કારના જમાનાને નવો જ અનુભવ કરાવે એવી હતી."

['ગોવર્ધનશતાબ્દી ગ્રંથ', સં૦ ઉપેન્દ્ર પંડ્યા, એન૦ એમ૦ ત્રિપાઠી પ્રા૦ લિ૦ મુંબઈ, બી૦ આ૦ ૧૯૭૭, પૃ૦ ૪૩૨]

•

"પાત્રવિધાન કોને કહેવાય એનું ગો૰મા૰ત્રિ૰એ જ પહેલવહેલું ભાન કરાવ્યું. વાર્તાકારની યોજના મુજબ નાચતાં ગુણઅવગુણનાં પૂતળાં મટીને પહેલી જવાર પાત્રોએ 'સરસ્વતીચંદ્ર'માં જીવંત મનુષ્યની છટાઓ પ્રકટ કરી. [...] પાત્રેપાત્રોનું નોખાપણું, પાત્રેપાત્રની મનુષ્યસહજ મર્યાદા, સરસ્વતીચંદ્ર અને કુમુદ જેવાં પાત્રોનો એ મર્યાદાઓમાંથી ક્રમે ક્રમે છૂટવાનો પુરુષાર્થ, વિકાસનાં પણ અનેક સોપાનો, સાધનાની મુશ્કેલીઓ, અને પ્રણયની જ નહીં પણ માનવતાની પણ પરમોચ્ચ સ્થિતિ - આત્યંતિક ધર્મ અને આત્યંતિક સ્થિતિ - એ સર્વનું દર્શન એ આપણી પહેલી સફળ નવલકથાની અસાધારણ સિદ્ધિ છે."

['ગોવર્ધનશતાબ્દી ગ્રંથ', સં૰ ઉપેન્દ્ર પંડ્યા, એન૰ એમ૰ ત્રિપાઠી પ્રા૰ લિ૰ મુંબઈ, બી૰ આ૰ ૧૯૭૭, પૃ૰ ૪૩૩]

## રઘુનાથ બ્રહ્મભટ્ટ

"'સરસ્વતીચંદ્ર' વાંચ્યા પહેલા મને વિશ્વાસાહિત્યનું કશું જ જ્ઞાન નહોતું. એમાં જે જે પુસ્તકોનો ઉલ્લેખ આવે છે એ બધું જ હું સ્વ૰ મણિલાલ નભુભાઈની લાયબ્રેરીમાંથી લઈ આવ્યો. 'સરસ્વતીચંદ્ર' વાંચ્યા પહેલા મેં 'માલતી-માધવ', 'ઉત્તરરામચરિત્ર', 'શાકુંતલ' એ કોઈનાં નામો પણ સાંભળ્યા ન્હોતાં. એણે જ મને આ બધાં પુસ્તકો વાંચવાની પ્રેરણા આપી. આજે ઘણાં ખરાં તો મને કંઠસ્થ છે. ચોથા ભાગમાં સર એડવિન આર્નોલ્ડના 'લાઈટ ઓફ એશિયા'ની 'મહાભિનિષ્ક્રમણ'ની પંક્તિઓનું ભાષાંતર વાંચતાં વાંચતાં મને 'ભગવાન બુદ્ધ' પર નાટક લખવાની પ્રેરણા થઈ. આ નાટક ૧૯૧૪માં મુંબઈના એમ્પાયર થિયેટરમાં ભજવાયું ને ખૂબ જ લોકપ્રિય થયું. આમ 'સરસ્વતીચંદ્રે' મને ગુજરાતી સાહિત્યમાં નાટ્યકારનું સ્થાન અપાવ્યું એ રીતે મારા સર્જન પર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું ઋણ છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૩૨૪]

## રઘુવીર ચૌધરી

"સરસ્વતીચંદ્રને વાચનક્ષમ કહી શકાય, કલાકૃતિ નહીં. અલબત્ત, આપણે ત્યાં જેમને કલાકૃતિઓ કહી શકાય છે એવી અનેક કૃતિઓ કરતાં આ કૃતિમાં વરતાતી સર્જકતા ચડિયાતી છે એવું તો અનેકવાર કહી શકાય. પણ લેખકની આકાંક્ષા સાહિત્યસર્જનથી મોટી હોવાને લીધે સર્જકતાને સંકલિત કરવામાં એ મન પરોવી શક્યા નહીં."

['સંસ્કૃતિ', તંત્રી - ઉમાશંકર જોશી, ઑક્ટો૰ ૧૯૬૯, પૃ૰ ૩૮૭]

**રમણભાઈ નીલકંઠ**

"('સરસ્વતીચંદ્ર'ના) દરેક ભાગમાં પોતપોતાની વિલક્ષણતા છે પરંતુ વાસ્તવિકતા, કથા, કલ્પના, વિચારતરંગ, એ સર્વને અસાધારણ ભાવનાથી રંગી તથા મિશ્રિત કરી પહેલા ભાગમાં જે કૌતુકભર્યું, મોહજનક, ઉત્કંઠા ઉપજાવનારું, હૃદયંગમ ચિત્ર છે તે બાકીના બીજા એકેય ભાગમાં નથી. ચિત્રનાં અંગ એકત્ર કરી વાસ્તવિકતા અને ભાવનાનું સમગ્ર દર્શન આપવાની કુશલતા પહેલા ભાગમાં અનુપમ છે અને તે જ કારણથી તે ભાગ વાંચનારનું જે રીતે ઘડીઘડી આકર્ષણ કરે છે તે રીતે બીજા ભાગ આકર્ષણ કરી શકતા નથી. ગ્રંથકારની ઉચ્ચ વિદ્વત્તા પહેલા ભાગમાં ભાવના અને વાસ્તવિકતામાં ઓતપ્રોત થઈ જાય છે, અને બાકીના ભાગમાં વિદ્વત્તા, ભાવના અને વાસ્તવિકતા એ ત્રણે જુદાં પડી જાય છે અને બહુ પ્રયત્ને સાંધેલા દેખાય છે."

['સરસ્વતીચંદ્ર : વિસરાયેલાં વિવેચનો', સં૰ જયંત કોઠારી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર૰ આ૰ નવે૰ ૧૯૮૭, પૃ૰ ૧૭૫]

**રમણલાલ જોશી**

"'સરસ્વતીચંદ્ર' એક આકરગ્રંથ છે, 'જ્ઞાનકોશ' છે, 'પ્રશિષ્ટ કૃતિ' છે એવી ચર્ચાઓ થયેલી છે. પણ 'સરસ્વતીચંદ્ર' આ બધું હોવા છતાં સૌ પ્રથમ કલાકૃતિ છે. અને એથી જ એના પ્રાગટ્યને લગભગ સો વર્ષ થયાં છતાં હજુ આજે પણ પ્રજા હૃદય પર એનો પ્રભાવ એવો જ છે."

['શબ્દસૃષ્ટિ', સં૰ હર્ષદ ત્રિવેદી, જુલાઈ ૨૦૦૦, પૃ૰ ૫૧]

•

"ગોવર્ધનરામે ગુણસુંદરીનું કુટુંબજાળ આલેખી આપણા સંયુક્ત કુટુંબના પ્રશ્નોને ઝીણવટપૂર્વકની તપાસ દ્વારા આપણી આ મહત્ત્વની સંસ્થાને કેમ પગભર કરી શકાય એના માર્ગોની પર્યેષણા પ્રસ્તુત કરી છે. [...] જુદા જુદા સ્વભાવનાં અને જુદી જુદી માનસિક ભૂમિકાવાળા મનુષ્યોનો મેળો રચી કુટુંબ-સંસ્થાનું એક લાક્ષણિક ચિત્ર તેમણે ખડું કર્યું છે. આ બધાના કેન્દ્રમાં તેમણે એક ભારતીય આદર્શ સન્નારીને મૂકી છે."

['વિવેચનની પ્રક્રિયા', રમણલાલ જોશી, આર૰આર૰શેઠની કંપની, મુંબઈ/અમદાવાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૧, પૃ૰ ૧૬૨]

•

"'ઈશ્વરલીલાનું સદર્થે ચિત્ર' આપવા લખાયેલી આ કૃતિમાં અનેક થરમાંથી ઊંચકાયેલાં પાત્રો આવે તે દેખીતું છે. રાજાઓ, પ્રધાનો, ગોરા સાહેબો, શિરસ્તેદારો, સાધુઓ,સામાન્ય મધ્યમવર્ગનાં ને હલકી ગણાતી કોમોનાં મનુષ્યો, પત્રકારો, કવિઓ, ગુમાસ્તાઓ, શેઠિયાઓ, બહારવટિયાઓ, અંગ્રેજી વિદ્યાસંપન્ન સંસ્કારી વ્યક્તિઓ એમ વિવિધ કક્ષાનાં ને સમાજથરનાં પાત્રો ગોવર્ધનરામે

અહીં ચીતર્યાં છે. તત્કાલીન સમાજનું વાસ્તવિક ચિત્ર આપવાસ સાથે એને આદર્શનો પુટ આપી એ સમાજ કેવો થવો જોઈએ એનું સૂચન ગોવર્ધનરામ જુદાં જુદાં પાત્રોના માનસચિત્રણ દ્વારા કરે છે."

['ગોવર્ધનરામ : એક અધ્યયન', રમણલાલ જોશી, એન૰ એમ૰ ત્રિપાઠી પ્રા૰ લિ૰, મુંબઈ, બી૰ સંશોધિત આ૰ ૧૯૭૮, પૃ૰ ૧૭૫]

### રમેશ ઓઝા

"સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી મહાભારતના એ રૂપકાર્થને સ્પષ્ટ કરતાં જાય છે તેમ તેમ સરસ્વતીચંદ્રના મનોકોષમાં કલ્યાણગ્રામનો વિચારપુદ્ગલ પણ બંધાતો જાય છે. કારણ કે મહાભારતના રૂપક દ્વારા ગોવર્ધનરામ મહદંશે સાંપ્રત વાસ્તવિકતાને સ્પષ્ટ કરે છે અને એની આધારભૂમિ પર જ સરસ્વતીચંદ્ર કલ્યાણગ્રામની આદર્શ કલ્પનાનો પાયો ચણે છે."

'ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ', સં૰ સુધીર ચંદ્ર, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ સુરત, પ્ર૰ આ૰ ૧૯૮૮, પૃ૰ ૭૦

### રમેશ ર૰દવે

"પ્રકાશન સમયથી આજ પર્યન્ત વાચક તથા વિવેચક ઉભય વર્ગને માટે આકર્ષણ અને આહ્વાન બનતી, ગુજરાતી ભાષાની અતિપ્રશંસિત નવલકથા 'સરસ્વતીચંદ્રને તેની અનેકવિધ મર્યાદાઓ સહિત ગુજરાતી ભાષાની નવલકથાના ઇતિહાસમાં એક અવિસ્મરણીય કથા તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલ છે. મુગ્ધ વાચકવર્ગની તત્કાલીન પ્રશંસા અને પ્રતિષ્ઠિત વિવેચકોના સંદિગ્ધ અભિપ્રાયો વડે આ નવલકથા ચર્ચાસ્પદ બની રહેલ છે."

['ગુજરાતી નવલકથામાં પાત્રનિરૂપણ-૧', રમેશ ર૰ દવે, પ્રકાશક-પોતે, પ્ર૰ આ૰ ૧૯૮૫, પૃ૰ ૧૩૯]

### 'રાજહંસ'

"સરસ્વતીચંદ્રકારની શૈલી પ્રૌઢ છે, ગંભીર છે, વિદ્વત્તાનું ડગલેને પગલે દર્શન કરાવનારી છે, વાર્તાલાપોમાં સ્વાભાવિક અને સરળ બને છે, વર્ણનમાં કલ્પનાશીલ અને બહુરૂપી બને છે. ચિંતનમાં સ્પષ્ટ અને નિશ્ચિત બને છે, માનવહૃદય જેવા પટુકરણના સૂક્ષ્મ અને સૂક્ષ્મતર ભાવોનું નિરૂપણ કરવામાં મૃદુ અને માનસશાસ્ત્રીય ઝીણવટવાળી બને છે, બે મુદ્દાઓની તુલના કરવાની હોય કે બે પક્ષોનું પરીક્ષણ હોય ત્યાં લેખકની વકીલાતભરી અદાવાળી અને તટસ્થ ન્યાયપરાયણ બને છે, ભારતવર્ષના ભાવિ ઉદ્ધારનાં સ્વપ્નો વર્ણવવામાં વેગવંતી અને ભાવવાહી બને છે. લખઅલખની મીમાંસા કરવામાં શાસ્ત્રીય અને વિવરણ-પટુ બને છે."

['શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારકગ્રંથ', સં. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને અન્ય, શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ સમિતિ નડિયાદ, પ્ર. આ. ઑક્ટો. ૧૯૫૫, પૃ. ૨૦૨]

**રા. વિ. પાઠક**

"આકાશને શો આકાર છે ? સમુદ્રને શો આકાર ? પર્વતને કોઈ આકારસૌંદર્ય નથી. તેમ જ વનને પણ કોઈ આકારસૌંદર્ય નથી. છતાં એ બધા દશ્ય પદાર્થો છે, અને સુંદર છે. તેમ મહાન વાર્તાને આકાર ન હોય તો ચાલે. [...] 'સરસ્વતીચંદ્ર'ને આકાર ન હોય તો એ કૃતિને કોઈ દૂષણ લાગી જતું નથી, તેમ તેના સૌંદર્યને કોઈ ખોટ લાગતી નથી. પણ એ પછી મારું કહેવું તો છે કે તેને આકાર છે, અને તે આકાર તેના મુખ્ય વક્તવ્યને બહુ જ અનુકૂળ છે. એ આકારને હું મહાનદનો આકાર કહું. એક મોટી નદી રસળતી રસળતી ચાલે છે, સમુદ્રને મળે છે અને વચમાં તેને બીજી અનેક નદીઓ મળે છે. મહાનદ તે સરસ્વતીચંદ્રની મુખ્ય વાર્તા અને તેમાં મળતી નદીઓ તે બુદ્ધિધન, ગુણસુંદરી, રત્નનગરી, સુંદરગિરિ, બહારવટિયા વગેરેની મોટી નાની વાર્તા કે પ્રકરીઓ. કથાકાર દરેક સંગમે ઊભો રહી એ નવી મળતી આખી નદીની વાર્તા આપણને કહી જાય છે."

['સાહિત્યાલોક', રા. વિ. પાઠક, ગૂર્જર પ્રકાશન અમદાવાદ, પ્ર. આ. ૧૯૫૪, પૃ. ૧૩૦]

**રાધેશ્યામ શર્મા**

"સત્યનારાયણની હરિકથા અને સરસ્વતીચંદ્ર મહાકથાની પૂર્ણાહુતિ વખતે આરતી ના આવત તો ઔચિત્યભંગ થાત. આરતી ઉતારવામાં કેવળ ભાવનાકીર્તન જ સમજવાનું નથી. અહીં 'આરતી'નું તાત્પર્ય નાયક અને નાયિકા દ્વારા યથાદષ્ટિ મૂર્ત સંકુલ લોકાલોકનું આપાદમસ્તક નખશિખ સુ-દર્શન અભિપ્રેત છે."

['નવલકથા-નિર્દેશ', રાધેશ્યામ શર્મા, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, પ્ર. આ. મે ૨૦૦૧, પૃ. ૧૬]

**રામપ્રસાદ બક્ષી**

"બાણનાં વાક્યો લાંબાં થાય છે તેનું કારણ ઉત્પ્રેક્ષા છે. ઉત્પ્રેક્ષા અલંકાર પ્રસ્તુત વિષયનું અપ્રસ્તુત અન્ય વસ્તુ જોડે સાધર્મ્ય કલ્પવાથી નીપજે છે. અર્થાત્ પ્રસ્તુત વિષય ઉપર અપ્રસ્તુત એવા અન્ય વિષયનું આક્રમણ અને એ બેમાં સામ્ય હોવાની સંભાવના અથવા કલ્પના, એ બંને ઉત્પ્રેક્ષાનાં આવશ્યક તત્ત્વો છે. [...] પણ શ્રી ગોવર્ધનરામની શૈલીમાં અલંકરણ ખાતર આણેલાં એવાં - મુલાયમ મનને ભારરૂપ બને તેવાં બાહ્ય તત્ત્વો નથી આવતાં; એમનાં મહાવાક્યોમાં પણ

નથી આવતાં.”

['ગોવર્ધનરામનું મનોરાજ્ય', રામપ્રસાદ પ્રે૰ બક્ષી, એન૰ એમ૰ ત્રિપાઠી પ્રા૰ લિ૰ મુંબઈ, પ્ર૰ આ૰ ૧૯૭૬, પૃ૰ ૮૪]

## વિજયરાય વૈદ્ય

“'સરસ્વતીચંદ્ર' પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા છે : પ્રેમકથા નાયક-નાયિકાની, સંસ્કૃતિકથા એ યુગના શિષ્ટવર્ગી ગુજરાતની. [...] એનું સૌથી ઉચિત વર્ણન કદાચ બ૰ ક૰ ઠાકોરે સૂચવેલું 'મહાનવલ' ગણાય; કેમ કે એમાં સારી નવલકથાનાં અમુક તત્ત્વો તો છે પણ એથી વિશેષ કેટલુંક છે : પ્રજાના પુનર્વિધાનનો આશય, એ સદર્થે નિયોજાયેલી કવિસહજ ક્રાન્તદૃષ્ટિ, ગહન સંકુલ અને ઉન્નતગામી પર્યેષણા, કવિદૃષ્ટિને મૂર્ત કરવા સફળપણે પ્રયાસતી ભરચક પાત્રસૃષ્ટિ અને એ સફળ સામગ્રી ઝીલવે સમર્થ વિસ્તારયુક્ત કથાપટ. [....] વધુમાં, તે પોતાની વિલક્ષણ તેટલી જ અસાધારણ ગુણવત્તાઓ કરીને 'વિલ્હેલ્મ માઈસ્ટર' (૧૮૨૯), 'વૉર એન્ડ પીસ' (૧૮૮૬-૮૯), તથા 'ઝાં ક્રિસ્તૉફે' (૧૯૧૦-૧૩) એ ત્રણેની સમાનકક્ષ લેખે પણ જગતસાહિત્યમાં સુહાય છે.”

['ગુજરાતી સાહિત્યની રૂપરેખા - ૩, વિજયરાય વૈદ્ય, રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ, પ્ર૰આ૰ પૃ૰૧૮]

## વિનોદ અધ્વર્યુ

“સરસ્વતીચંદ્ર-કુમુદની જીવનકથા ધર્મખોજ - ધર્મસાધના  અને વ્યવહારમાં ધર્મના આવિષ્કારની વિકાસગાથા છે, એમાં થતો જતો વિકાસ માત્ર 'પ્ર-ગતિ' નહીં પણ 'ઊર્ધ્વ-ગતિ'નો આલેખ છે. [....] સરસ્વતીચંદ્ર અને કુમુદને ન પરણાવવામાં ગોવર્ધનરામે કોઈ રૂઢીસમર્થન નથી કર્યું કે સમાજભિરુતા નથી દાખવી. પણ સામાન્ય સ્તરથી ઊંચે ગયેલાં ચરિત્રો પાછાં ખાબોચિયાંમાં પડી કર્દમગ્રસ્ત ન થાય તે માટેનો સૂક્ષ્મ વિવેક દાખવ્યો છે. બન્ને ચરિત્રો લગ્ન જેવા સાંસારિક સંબંધથી એટલે ઊંચે ગયાં છે કે હવે તેમને પરણાવવાં તે તેમને શૃંગેથી ખેંચી પાડવા જેવું છે...જો તેવું લગ્નદૃશ્ય આલેખાયું હોત તો કદાચ વિધવાવિવાહ અને પ્રેમલગ્નના ઝંડાધારીઓને આનંદ થાત પણ ધર્મ, સંયમ, ગૌરવ, પવિત્રતા, સુરુચિ અને કળા બધાંયનું સાથે લાગુ નિકંદન થઈ જાત.”

['પરબ', 'ગોવર્ધનરામ વિશેષાંક', તંત્રી-ભોળાભાઈ પટેલ, સં૰ ચન્દ્રકાન્ત ટોપીવાળા, નવે૰ ૧૯૯૩, પૃ૰ ૩૬]

## વિશ્વનાથ મ૰ભટ્ટ

“'સરસ્વતીચન્દ્ર'ની અસાધારણ કીર્તિનું બીજું મુખ્ય કારણ એ કે એ એના યુગની સર્વોત્કૃષ્ટ

વાર્તા જ માત્ર નથી, પણ વિશેષમાં એ યુગની સર્વાંગી જીવનસમીક્ષા પણ છે. ગુજરાતી પ્રજાજીવનનું સર્વદેશીય દર્શન જેવું 'સરસ્વતીચન્દ્ર'માં છે તેવું આખા ગુજરાતી સાહિત્યની એક પણ નવલકથામાં નથી. ગૃહ, સમાજ, રાજ્ય, અને ધર્મ એમ મુખ્ય મુખ્ય સર્વ અંગોનું કેવળ હવાઈ કે આસમાની નહિ પણ આપણે આપણી આસપાસની નિત્યની દુનિયામાં જોઈએ છીએ તેવું વાસ્તવદર્શી અને છતાં દરેક વિષયમાં ઉચ્ચતર જીવનની ઝાંખી કરાવે એવી ભાવનાભીની કલાએ આલેખાએલું ચિત્ર જેવું ગોવર્ધનરામની નવલકથાએ આપ્યું છે તેવું એક જ વાર્તાકૃતિમાં તો બીજા એક પણ ગુજરાતી લેખકે નથી આપ્યું. વિવિધ વિષયોમાં પ્રજાહૃદયને મથી રહેલા મહાપ્રશ્નોનું પર્યેષણ એણે જેવી વ્યાપક છતાં વેધક અને સાથે ઊર્ધ્વગામી પ્રેરક દૃષ્ટિથી કર્યું છે તેટલું અન્ય કોઈ પણ વાર્તાગ્રન્થે નથી કર્યું. એ યુગના વાચકો એનાથી એકે સપાટે મુગ્ધ થઈ ગયા અને વરસો સુધી એવા ને એવા મુગ્ધ રહ્યા તે વાર્તાના રસિક આકારમાં ગૂંથેલી એની આ સર્વતોમુખી જીવનમીમાંસાને જ લીધે. આજે યુગવિવર્તને કારણે થએલા રુચિભેદને લીધે 'સરસ્વતીચન્દ્ર'માંનું આ મીમાંસાનું તત્ત્વ આપણને ભલેને ગમે તેટલું અળખામણું લાગે અને એ બદલ આપણે એની ભલેને ગમે તેટલી ટીકા કરીએ, પણ આજની ઘડી સુધીની એ ગુજરાતની સર્વોત્તમ ચિન્તનાત્મક નવલકથા છે એની તો કોઈથી પણ ના પાડી શકાય એમ નથી. [....] ગોવર્ધનરામે વિચારપૂર્વક માનવઆત્માનું સ્થૂલમાંથી સૂક્ષ્મ, પ્રાકૃતમાંથી સંસ્કૃત, અને પામરમાંથી સમર્થ એવા જીવન ભણીનું ક્રમિક ઊર્ધ્વારોહણ જ લક્ષમાં રાખ્યું છે."

['નિકષરેખા', વિશ્વનાથ મ૰ ભટ્ટ, ભારતી પ્રકાશન મંદિર ભાવનગર, પ્ર૰ આ૰ ૧૯૪૫, પૃ૰ ૬૪]

•

"આપણી પ્રચલિત સાહિત્યપરિભાષામાં ઘણા લાંબા સમયથી આવશ્યક છે એવો સુધારો કરીને જરા પણ સંકોચ વગર આપણે બેધડક કહીશું કે 'સરસ્વતીચન્દ્ર' એ પંડિતયુગનું મહાકાવ્ય છે. [....] પૂર્વગ્રહમુક્ત તટસ્થ દૃષ્ટિએ જોનાર સૌને સ્વયમેવ પ્રતીતિ થશે કે 'સરસ્વતીચન્દ્ર' એના પંડિતયુગનું મહાકાવ્ય તો છે જ, પણ વિશેષમાં સમસ્ત ગુજરાતી નવલકથાસાહિત્યનો એ નગાધિરાજ છે."

['નિકષરેખા', વિશ્વનાથ મ૰ ભટ્ટ, ભારતી પ્રકાશન મંદિર ભાવનગર, પ્ર૰ આ૰ ૧૯૪૫, પૃ૰ ૮૧]

### વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

"હું નવલકથાનો મોટો વાચક નથી, પણ મેં જેટલી જોઈ છે તેમાંથી કોઈએ "સરસ્વતીચંદ્ર" જેવી પરિતૃપ્તિ આપી નથી. એટલું જ નહિ, નિરૂપિત જીવનલીલાનો વ્યાપ, એમાં અનુપ્રવિષ્ટ અને તેને

આવરી લેતું જીવનદર્શન અને ધ્યેય, ઉચ્ચતમ ભારતીયકલાને અનુરૂપ બહુમંડપી મંદિરરચનાની મોહક ભવ્યતા, એ સર્વમાં પ્રત્યક્ષ થતી, તાદશ્યતાનું સુખ આપતી યથાર્થતા અને ભાવનામયતાની રુચિર અન્વિતિ, આ સર્વ રસતત્ત્વો ગુજરાતી ભાષાના અન્ય કોઈ એક જ ગ્રંથમાં જોવામાં આવતાં નથી. સર્જકતા અને નિબન્ધન (ટેકનીક) બેઉમાં "સરસ્વતીચંદ્ર"ની અપૂર્વતા છે અને તેને કોઈ અન્ય ગુજરાતી ગ્રંથ વટાવી શક્યો નથી."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૦૧]

•

"ગોવર્ધનરામની શૈલીની પ્રથમ ભૂમિકા આવી છે : વાક્યવિસ્તાર અસરકારક, પણ તેનું સંયોજન સંકુલ નહિ, સાદું - અંકોડામાં અંકોડા નાખી ઉપજાવેલું. [....] ગોવર્ધનરામની ગદ્યશૈલીની બીજી ભૂમિકા ભાવમય આવેશસ્પૃષ્ટ વાર્તાલાપ, પત્રાલાપ અને ઉદ્‌બોધક પ્રબોધોમાં દેખાય છે. [....] ગોવર્ધનરામની શૈલીની ત્રીજી ભૂમિકામાં નર્યું કવિત્વ જ નીતરે છે. [....] આ ત્રીજી ભૂમિકામાં, સામાન્ય રીતે, લયનો સંયમ એ વિશિષ્ટતા છે; શૈલી છટાદાર કરવાના કે થઈ હોય તો તેને માણવાના લોભમાં ગોવર્ધનરામ તણાતા નથી; કલામાં કલા છુપાઈ જાય છે; રસરૂપ એકાકાર થાય છે અને આપણે કુદરત દ્વારા પાત્ર નિહાળીએ છીએ કે મનુષ્ય મારફત પ્રકૃતિ અનુભવીએ છીએ તેની કશી ગમ પડતી નથી."

['વિવેચના', વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રકાશક-પોતે, પ્ર૰ આ૰ ૧૯૩૯, પૃ૰ ૭૨]

•

"'સરસ્વતીચંદ્ર'ની અપૂર્વતા અનેક શિખરશાળી મહામંદિરની રચનામાં છે; શિખરોના પરસ્પરના સંબંધ અને ભવ્ય ધ્વનિની એકાગ્રતામાં છે; વ્યક્તિઓથી સભર ભરેલી વનરાજિની સમૃદ્ધિમાં છે; તેમાં આદિથી અંત લગી વહેતી દેશજન-પ્રેમ અને સંસ્કૃતિ અનુરાગની સૌરભવંતી મીઠી હવામાં છે; અને એ બધાને વાગ્દેવીરૂપ આપનાર ગોવર્ધનરામની ગદ્યશૈલી છે [...] ગોવર્ધનરામની શૈલીની વિશિષ્ટતા એ છે કે જે જીવનસકલતાને એમણે ચિત્તવિષય કરી છે તેને અનુરૂપ તેની વિવિધતા, મધુરતા, સુકુમારતા અને ઉદાત્તતા છે. આ શૈલીને આપણે ઉન્નત (grand) કહી શકીએ. [...] અતિપ્રસ્તારનો દોષ હોવા છતાં, સરસ્વતીચંદ્રમાંની સંસારસમીક્ષા અને ઉદ્‌બોધનો વિપુલરાશિ આગન્તુક નથી. પ્રેમ, સ્નેહ, અનુરાગ, ભક્તિ, કુટુંબવ્યવસ્થા, રાગ-દ્વેષ, કલહ, સત્ય, અનૃત, માનવસંકલ્પ, માનવમર્યાદા, વિધિવક્રતા ને દૈવયોગ, રાજકારણ, સ્વતંત્રતા, વિદ્યા, સંસ્કાર, સંસ્કૃતિ વિશે પર્યેષણા આવે છે તે પણ આ ગ્રંથની અપૂર્વતા છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૦૩]

### વ્રજલાલ દવે

"સરસ્વતીચંદ્રનો પ્રથમ ભાગ મુખ્યત્વે કારભારની, રાજખટપટની કથા છે, બુદ્ધિધનના વ્યવહાર અને કૌશલના વિજયની કથા છે. પણ ચારે ભાગમાં જે સૂક્ષ્મ સબળ પ્રીતિ અંશ છે તેની ડિઝાઈન અહીં દોરાયેલી છે."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૨૨૧]

### શાન્તિલાલ ઠાકર

"('સરસ્વતીચંદ્ર'માં) રજવાડાંની પરિસ્થિતિનું વર્ણન, તે રજવાડાંમાં સુધારણા કરવાની તેમની યોજના, પ્રજાને સુખી અને સમૃદ્ધ બનાવવાનો રાજાનો ધર્મ, અંગ્રેજો સાથે રજવાડાંએ અપનાવવી જોઈતી રાજનીતિ વગેરેની ચર્ચા લેખકને એક મહાન દેશપ્રેમી ચિંતક બનાવી આપે છે. કલ્યાણગ્રામની યોજના બતાવી આપે છે કે યોગ્ય લેખકોને, વિદ્વાનોને, ચિંતકોને, કલાકારોને આજીવિકાની ચિંતાથી મુક્ત કરીને, તેમને રાષ્ટ્ર-કલ્યાણનાં કાર્યોમાં કેવી રીતે પ્રેરિત કરવા જોઈએ અને તેથી રાષ્ટ્ર કેવી રીતે ઉન્નત, સુખી, અને સમૃદ્ધિશાળી બની શકે - તેનું પણ લેખકે ખૂબ મનન-ચિંતન કર્યું હતું."

['ગોવર્ધનપ્રતિભા', સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૩૮]

### શિરીષ પંચાલ

"'કુસુમ! આખો દેશ જ્યાં સુધી પૃથ્વી ઉપર સૂએ છે ને તેને પહેરવાને વસ્ત્રો નથી ને ખાવા ને અન્ન નથી ત્યાં સુધી આ પલંગ, આ મિષ્ટાન્ન, અને આ વસ્ત્ર શાં ?' મેદાન પરથી સુંદરગિરિના શિખર પર અને ત્યાંથી વળી પાછા ધરતી પર આવી ચઢેલ આ સરસ્વતીચંદ્ર કોણ છે? હજુ તો વિવેકાનંદે ભારત જોયું નથી, ૧૯૦૮માં 'હિંદ સ્વરાજ' લખનારા ગાંધીજી કે ગોપાળકૃષ્ણ ગોખલેની સલાહ માનીને આ દરિદ્ર દેશના લોકોને જોઈને, ફેંટો ત્યજીને પોતડી પહેરનારા ગાંધી આવ્યા નથી અને છતાં આ બંને ઇતિહાસસિદ્ધ વ્યક્તિઓના વૈતાલિક બનીને જાણે સરસ્વતીચંદ્ર આવી ચઢે છે. સ્વપ્ન અને વાસ્તવ, કલ્પના અને હકીકત, ભૂત અને ભવિષ્ય જાણે એક સૂત્રમાં પરોવાઈ જાય છે."

['ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', સં૰ મંજુ ઝવેરી, જાન્યુ૰-માર્ચ ૨૦૦૭, પૃ૰ ૫૧]

•

"('સરસ્વતીચંદ્ર'માં) જેની કથા કહી નાખવામાં આવે છે તે સમયનો પટ અતિ વિસ્તીર્ણ છે.

સરસ્વતીચંદ્રના શૈશવથી ગૃહત્યાગ સુધીનો; કુમુદસુંદરીના જન્મ પૂર્વે ગુણસુંદરીના ઘરસંસારથી માંડીને કુમુદના લગ્ન સુધીનો; બુદ્ધિધનના શૈશવથી માંડીને તે અમાત્ય બને છે ત્યાં સુધીનો; મલ્લરાજના શાસનથી માંડીને તેના મરણ અને મણિરાજના રાજ્યાભિષેક તથા રાજવહીવટ સુધીનો. આની સામે નવલકથામાં જે સમયનું પ્રત્યક્ષપણે આલેખન કરવામાં આવ્યું છે તે તો માત્ર બે મહિનાનો છે."

['નવલકથા : સ્વરૂપ અને વૈવિધ્ય', સં૰ શિરીષ પંચાલ, અરુણોદય પ્રકાશન અમદાવાદ, પ્ર૰ આ૰ જુલાઈ ૨૦૧૪, પૃ૰ ૫૧૨]

•

"સામાન્ય રીતે નવલકથાને કવિતા કરતાં ઊતરતી કક્ષાની માનવામાં આવે છે પણ 'સરસ્વતીચન્દ્રે' ગુણવત્તામાં એના કરતાં પણ ચઢી જાય એવી કવિતા કરતાં ય વિશેષ પ્રતિષ્ઠા ગુજરાતી સાહિત્યમાં મેળવી છે. હજુ આજે પણ 'સરસ્વતીચન્દ્ર'ને આદર્શ માનનારાઓની સંખ્યા ઓછી નથી. [...] એની ઘણી મર્યાદાઓ આજે આપણે જોઈ શકીએ છીએ છતાં આપણે એ ભૂલવું ન જોઈએ કે 'સરસ્વતીચન્દ્ર' લખાઈ ત્યારે ગુજરાતી નવલકથાને માંડ ત્રણેક દાયકા થયા હતા, ગુજરાતી ગદ્ય પણ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ પછી જ ખેડાવા માંડ્યું હતું. આવી સ્થિતિમાં ગુજરાતી નવલકથાએ 'સરસ્વતીચન્દ્ર' દ્વારા એક મોટી હરણફાળ ભરી હતી એટલું તો નિર્વિવાદ છે."

['નવલકથા', શિરીષ પંચાલ, ચંદ્રમૌલિ પ્રકાશન, અમદાવાદ, પ્ર૰ આ૰ જાન્યુ૰ ૧૯૮૪, પૃ૰ ૭૮]

•

"પંડિતયુગના કથાસાહિત્યમાં જ નહીં, સમગ્ર ગુજરાતી નવલકથાસાહિત્યમાં એટલું જ નહીં સમગ્ર અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં અને હજી ઉમેરું? કોઈ પ્રાંતીય અભિમાનથી પ્રેરાઈને નહીં, તટસ્થતાથી - એ સમયે પ્રગટ થયેલા સમગ્ર ભારતીય કથાસાહિત્યમાં પણ આ કૃતિ અણમોલ રત્ન સમી હતી."

['ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', સં૰ સિતાંશુ યશશ્ચંદ્ર, જાન્યુ૰-માર્ચ, ૨૦૦૭, પૃ૰ ૪૮]

**સિતાંશુ યશશ્ચંદ્ર**

"પ્રો૰ પાઠક કહે છે કે આકાશ, સમુદ્ર, પર્વત તેમજ વનને આકાર નથી. આકાશ જે અર્થમાં 'નિરાકાર' કહી શકાય, તે અર્થમાં પર્વત કે વન 'નિરાકાર' ગણી શકાય ? બીજું, સમુદ્ર કે પર્વત જોનારની દૃષ્ટિ મર્યાદાની બહાર પણ વિસ્તરેલા છે, એટલા અનુભવનું જ સૂચન, 'સમુદ્ર પર્વતને શો આકાર ?' એ પ્રશ્નમાં થાય છે ? ત્રીજું વનની સમગ્રતા ન જોઈ શકાય, તેમાં તો દૃષ્ટિને

અવરોધક એવી વનની સંરચના પણ કારણરૂપ છે. [....] પ્રો૰ ઠાકોર આ કૃતિને ‘મહાભારત’નો ઉલ્લેખ પ્રૉ૰ ઠાકોર આકારવિહીનતા સૂચવવા નહીં પણ આકારદઢતા સૂચવવા કરે છે.”

[‘ગોવર્ધનપ્રતિભા’, સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૪૯]

•

“પહેલું એ કે કોઈ ભવ્ય પ્રાકૃતિક પદાર્થ કે દશ્યની જેમ ઉર્જિતનો અનુભવ કરાવનાર પદાર્થ રૂપે સરસ્વતીચંદ્રને જોવાનું શક્ય નથી. બીજું, જુદાં જુદાં સ્વાયત્ત ઘટકોના સરવાળા રૂપે આ દીર્ઘ કૃતિની સંરચનાને સમજવાનું શક્ય નથી. છેલ્લે, એક સમગ્ર અને સ્પષ્ટ દર્શનના આંતરિક લયને પોતાની ભીતર લઈને ક્રમશઃ પ્રગટતા અને કવિકર્મની તાજગીને સાદ્યંત પ્રગટાવતા અંશોના, પૂર્વાન્વિત, પૂર્વલયાન્વિત અંશોના, અભિધાન રૂપે જ આ દીર્ઘ કલાકૃતિના સ્વરૂપને પૂર્ણતામાં અનુભવી શકાય.”

[‘ગોવર્ધનપ્રતિભા’, સં૰ રમણલાલ જોશી, લોકલહરી પ્રકાશન નડિયાદ, પ્ર૰ આ૰ એપ્રિલ ૧૯૮૩, પૃ૰ ૧૫૬]


## સુરેશ જોષી

“શુષ્ક ચર્ચા, નાટકી લાગે તેવા અંશ, પીંજણ, ગૌણ અને પ્રધાન વસ્તુ વચ્ચેનો સમ્બન્ધ યોજવામાં સર્વત્ર નહિ ઉપજાવી શકાયેલી અનિવાર્યતા, રૂપકપ્રિયતાનો અતિરેક, લાંબાં સમ્ભાષણો, સ્વપ્નોનો કળાસૂઝ વિના કરેલો ઉપયોગ, બેભાન અવસ્થામાં પણ પાત્રો વચ્ચે ચાલતો દીર્ઘસૂત્રી  સંવાદ, લગભગ અઢીસો પાનાંનો જુદો સંગ્રહ થાય એટલાં બધાં અવતરણોનો કથાસૂત્રમાં વાળેલો ખડકલો, વચ્ચે વચ્ચે પાત્રોને મુખે બોલાતી કવિતા - આ બધાંનો કોઈ ને કોઈ રીતે બચાવ કરીએ તોય એથી ‘સરસ્વતીચંદ્ર’ કળાકૃતિ લેખે ઊણી ઊતરે છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી.”


[‘સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-વિવેચન : ૧’, સં૰ શિરીષ પંચાલ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર૰ આ૰ ૨૦૦૫, પૃ૰ ૨૫૩]

# પરિશિષ્ટ : ૨


# ગોવર્ધનરામનાં હસ્તાક્ષર




'સરસ્વતીચંદ્ર' ભાગ ૧નો આરંભ ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં




**'સરસ્વતીચંદ્ર' ભાગ ૧નો અંત ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં**




'સરસ્વતીચંદ્ર' ભાગ ૨નો આરંભ ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં



**'સરસ્વતીચંદ્ર' ભાગ ૪નો અંત ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં**




'સરસ્વતીચંદ્ર' ભાગ ૩નો આરંભ ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં




17 Oct. 96.
Bombay.

'સરસ્વતીચંદ્ર' ભાગ ૩નો અંત ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં



**'સરસ્વતીચંદ્ર' ભાગ ૪નો આરંભ ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં**



Farewell! With him alone may rest the pain,
If such there were — with you, the moral of his strain.

Byron's Childe Harold's Pilgrimage

23. 12. 1900

'સરસ્વતીચંદ્ર' ભાગ ૪નાં અંતિમ પૃષ્ઠ ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં